dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-7 | Issue-291 | AD-2024, Ashadh Vad-03 | Wednesday, Dt.24-07-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00




### નાણામંત્રી નિર્મલા સીતારમણે વર્ષ ૨૦૨૪-૨૫નું બજેટ રજૂ કર્યું

# કરદાતાઓને રૂા. ૧૭૫૦૦ સુધીનો નવી ટેક્સ સિસ્ટમમાં ફાયદો



(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૩

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેનું સંપૂર્ણ કેન્દ્રીય બજેટ મંગળવારે લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. નાણામંત્રી નિર્મલા સીતારમણે સરકારનું ૧૧મું પૂર્ણ બજેટ રજૂ કર્યું. નાણાપ્રધાન નિર્મલા સીતારમણે તેમના વચગાળાના બજેટ ભાષણ દરમિયાન કરવેરા સંબંધિત કોઈ મોટા ફેરફારો કર્યા નથી, પરંતુ આ વખતે તેમણે કેટલીક મહત્વપૂર્ણ જાહેરાતો કરી છે. નાણામંત્રીએ કહ્યું છે કે લગભગ ચાર કરોડ લોકોને ટેક્સ લાભ મળશે. આ વખતે તેમના બજેટ ભાષણમાં નાણાપ્રધાને જણાવ્યું હતું કે સરકાર કરને સરળ બનાવવા, કરદાતા સેવાઓમાં સુધારો કરવા, કરની નિશ્ચિતતા પ્રદાન કરવા અને મુકદ્દમા ઘટાડવાના પ્રયાસો ચાલુ રાખશે.

આ વખતે નાણામંત્રીએ નવી કર પ્રણાલીમાં ૩ થી ૭ લાખ રૂપિયા પર ૫% ટેક્સની જોગવાઈ કરી છે. નાણામંત્રીએ બજેટ ભાષણમાં કહ્યું હતું કે કરદાતાઓએ ૩ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ ચૂકવવો પડશે નહીં. ૭ થી ૧૦ લાખ સુધીની કમાણી કરનારાઓ માટે ૧૦% ટેકસની જોગવાઈ કરવામાં આવી છે. નાણામંત્રીના જણાવ્યા અનુસાર, નવી જાહેરાતોને કારણે નવી ટેક્સ સિસ્ટમમાં ચાર કરોડ લોકોને ૧૭,૫૦૦ રૂપિયા સુધીનો લાભ મળશે. નાણામંત્રીએ પેન્શનરો માટે ફેમિલી પેન્શન પરની કપાત ૧૫૦૦૦ રૂપિયાથી વધારીને ૨૫૦૦૦ રૂપિયા કરી દીધી છે. સરકારના આ નિર્ણયથી દેશના વરિષ્ઠ નાગરિકોને ફાયદો થશે.

નાણાપ્રધાન નિર્મલા સીતારમણે મંગળવારે જણાવ્યું હતું કે મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગ માટે અમુક નાણાકીય અકસ્માતો પર મૂડી લાભ મુક્તિ મર્યાદા વધારીને વાર્ષિક રૂ. ૧.૨૫ લાખ કરવાની યોજના છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેનું બજેટ રજૂ કરતાં, તેમણે ફ્યુચર્સ અને ઓપ્શન્સ સિક્યોરિટીઝના કિસ્સામાં સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સમાં ૦.૦૨ ટકા અને ૦.૧ ટકાનો વધારો કરવાની દરખાસ્ત કરી હતી. સીતારમણે કહ્યું કે શેર બાયબેકથી થતી આવક કરપાત્ર હશે. નાણામંત્રીએ કહ્યું કે ટેક્સ વિવાદો ઘટાડવા માટે સરકાર "વિવાદ સે વિશ્વાસ સ્કીમ ૨૦૨૪" લાવવાની તૈયારી કરી રહી છે. તેમણે એમ પણ કહ્યું કે પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી ૨.૦ માટે ૧૦ લાખ કરોડ રૂપિયાની દરખાસ્ત કરવામાં આવી છે. આ અંતર્ગત એક કરોડ ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોની આવાસની જરૂરિયાતો પૂરી કરવામાં આવશે. સીતારમણે રાષ્ટ્રીય ઔદ્યોગિક કોરિડોર વિકાસ કાર્યક્રમ હેઠળ ૧૨ નવા ઔદ્યોગિક ઉદ્યાનોના વિકાસની પણ જાહેરાત કરી હતી.

નાણાપ્રધાન નિર્મલા સીતારમણે મંગળવારે સ્ટાર્ટઅપ્સમાં રોકાણકારોની તમામ શ્રેણીઓ માટે 'એન્જલ' ટેક્સ નાબૂદ કરવાની જાહેરાત કરી હતી. તેમના બજેટ ભાષણમાં તેમણે લાંબા ગાળાના મૂડી લાભના સંદર્ભમાં ઈ-કોમર્સ કંપનીઓ અને અમુક નાણાકીય સાધનો માટે ટેક્સ દરોમાં વિવિધ ફેરફારોની પણ જાહેરાત કરી હતી. "સૌ પ્રથમ, ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને મજબૂત કરવા, ઉદ્યોગસાહસિક ભાવનાને પ્રોત્સાહન આપવા અને નવીનતાને સમર્થન આપવા માટે, હું રોકાણકારોની તમામ શ્રેણીઓ માટે કહેવાતા એન્જલ ટેક્સને નાબૂદ કરવાની દરખાસ્ત કરું છું,"

નાણામંત્રીએ કહ્યું, એન્જલ ટેક્સ દૂર કરવાથી સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન મળવાની અપેક્ષા છે, કારણ કે તે તેમના માટે વધુ અનુકૂળ વાતાવરણને પ્રોત્સાહન આપવામાં મદદ કરશે. સીતારમણે અનિશ્ચિતતા અને વિવાદોને ઘટાડવા માટે ફરીથી ખોલવા અને પુનઃ મૂલ્યાંકન માટે આવકવેરાની જોગવાઈઓને સંપૂર્ણપણે સરળ બનાવવાનો પ્રસ્તાવ પણ મૂક્યો હતો.

તેમણે કહ્યું, "જો અવગણવામાં આવેલી આવક રૂ. ૫૦ લાખ કે તેથી વધુ હોય તો તે આકારણી વર્ષના અંતથી ત્રણ વર્ષ પછી ફરી ખોલી શકાય છે. આ સમયગાળો આકારણી વર્ષના અંતથી મહત્તમ પાંચ વર્ષ સુધી ચાલશે." નાણામંત્રીએ કહ્યું, "સર્ચ કેસમાં પણ, શોધના વર્ષ પહેલા છ વર્ષની સમય મર્યાદા પ્રસ્તાવિત કરવામાં આવી છે. જ્યારે હાલમાં ૧૦ વર્ષની સમય મર્યાદા છે. તેનાથી ટેક્સની અનિશ્ચિતતા અને વિવાદો ઘટશે. તેમણે જણાવ્યું હતું કે નાણાકીય અને બિન-નાણાકીય અસ્કયામતો પર લાંબા ગાળાના લાભ પર ૧૨.૫ ટકાનો કર દર લાગુ થશે, જ્યારે ઈ-કોમર્સ કંપનીઓ માટે ટીડીએસ દર એક ટકાથી ઘટાડીને ૦.૧ ટકા કરવામાં આવશે.

### કેટલી આવક સાથે લોકોએ કેટલો ટેક્સ ભરવો પડશે?

» રૂ. ૩,૦૦,૦૦૦ સુધીઃ શૂન્ય
» ૩,૦૦,૦૦૧ થી ૭,૦૦,૦૦૦: ૫%
» ૭,૦૦,૦૦૧ થી ૧૦,૦૦,૦૦૦: ૧૦%
» ૧૦,૦૦,૦૦૧ થી ૧૨,૦૦,૦૦૦: ૧૫%
» ૧૨,૦૦,૦૦૧ થી ૧૫,૦૦,૦૦૦: ૨૦%
» રૂ. ૧૫,૦૦,૦૦૦ થી વધુઃ ૩૦% (નવી ટેક્સ સિસ્ટમમાં)
» કર વિવાદોના નિરાકરણ માટે "વિવાદ સે વિશ્વાસ યોજના ૨૦૨૪" લાવવાની તૈયારી

### રૂા. ૨૫,૦૦૦ સુધીના વિવાદો, જૂના ટેક્સ સંબંધિત સરકારને પરત કરવામાં આવશે

**વચગાળાના બજેટ દરમિયાન, નાણાપ્રધાને જાહેરાત કરી હતી કે વર્ષ ૨૦૦૯-૧૦ સુધી પડતર રહેલા ડાયરેક્ટ ટેક્સ ડિમાન્ડ (ડિમાન્ડ નોટિસ) સંબંધિત રૂ. ૨૫,૦૦૦ સુધીના વિવાદો, જૂના ટેક્સ સંબંધિત વિવાદિત કેસોમાં જે વર્ષ ૨૦૦૯-૧૦થી ચાલી રહ્યા છે. જે , સરકારને પરત કરવામાં આવશે. તેવી જ રીતે, ૨૦૧૦-૧૧ થી ૨૦૧૪-૧૫ ની વચ્ચે પડતર પ્રત્યક્ષ કરની માંગણીઓ સંબંધિત રૂ. ૧૦,૦૦૦ સુધીના કેસો પાછા ખેંચવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. નાણામંત્રીએ સ્ટાર્ટઅપ અને પેન્શન ફંડમાં રોકાણ કરનારાઓને કર લાભો માટેની સમયમર્યાદા ૩૧ માર્ચ, ૨૦૨૪થી ૩૧ માર્ચ, ૨૦૨૫ સુધી લંબાવવાની જાહેરાત કરી હતી. આવી સ્થિતિમાં, સ્ટાર્ટઅપ્સમાં રોકાણ કરનારાઓ માટે આ બજેટમાંથી એક વર્ષનો વધારાનો ટેક્સ લાભ મેળવવાનો માર્ગ ખુલી ગયો છે. નાણાપ્રધાન નિર્મલા સીતારમણે તેમના વચગાળાના બજેટ ભાષણમાં કહ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષમાં ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ત્રણ ગણાથી વધુ વધ્યું છે. આ સમયગાળા દરમિયાન ટેક્સ રિટર્ન ફાઇલ કરનારા લોકોની સંખ્યામાં ૨.૪ ગણો વધારો થયો છે. નાણામંત્રીએ એમ પણ કહ્યું હતું કે આવકવેરા રિટર્ન ફાઇલ કર્યા પછી, કરદાતાઓને ટેક્સ રિફંડ મેળવવામાં લાગતો સમય ઓછો થયો છે. પહેલા તેમાં સરેરાશ ૯૩ દિવસ લાગતા હતા, હવે તે ઘટીને ૧૦ દિવસ થઈ ગયા છે.**

### રૂા. ૭ લાખ સુધીની આવક ધરાવતા કરદાતાઓ માટે કોઇ કર જવાબદારી નથી

**નાણામંત્રીએ તેમના બજેટ ભાષણમાં કરદાતાઓને ખાતરી આપી હતી કે દેશના વિકાસ અને લોકોના કલ્યાણ માટે તેમના યોગદાનનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવામાં આવ્યો છે. નાણામંત્રીએ તેમના બજેટ ભાષણમાં કહ્યું હતું કે સરકારે ટેક્સના દરમાં ઘટાડો કર્યો છે અને તેને તર્કસંગત બનાવ્યો છે. નવી કર યોજના હેઠળ, હવે ૭ લાખ રૂપિયા સુધીની આવક ધરાવતા કરદાતાઓ માટે કોઈ કર જવાબદારી નથી. જ્યારે નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં માત્ર ૨.૨ લાખ રૂપિયા સુધીની આવક ધરાવતા કરદાતાઓને જ કર જવાબદારીમાંથી મુક્તિ આપવામાં આવી હતી. કરદાતાઓને આપવામાં આવશે સુવિધાઓએ કહ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં અમારો ખાસ ભાર કરદાતાઓની સેવાઓમાં સુધારો કરવા પર રહ્યો છે.**

### કૃષિ ક્ષેત્ર માટે ૧.૫ લાખ કરોડની જોગવાઈ

**ખેડૂતો અને કૃષિ ક્ષેત્ર માટે આ વખતે બજેટમાં ૧.૫૨ લાખ કરોડની મસમોટી જાહેરાત કરવામાં આવી છે. આ ફંડની મદદથી કૃષિ ક્ષેત્રને બને તેટલો ફાયદો પહોંચાડવાનો પ્રયાસ કરાશે. ખેતીની ઉત્પાદકતા વધારવા માટે પગલાં લેવામાં આવશે. વધારે ઉપજ આપતા પાકની જાતો (પ્રકાર)નો ઉપયોગ કરવામાં આવશે. સંશોધનને પ્રોત્સાહ આપવામાં આવશે. સરકાર કુદરતી ખેતી પર ધ્યાન કેન્દ્રિત કરશે. પાકના ઉત્પાદન, સંગ્રહ અને માર્કેટિંગ માટેની વ્યવસ્થા કરવામાં આવશે. શિક્ષણ અને કૌશલ્ય માટે રૂ. ૧.૪૮ લાખનો ખર્ચ થશે. શાકભાજીના ઉત્પાદન અને સપ્લાય ચેઇન માટે ક્લસ્ટર બનાવવામાં આવશે. ૪૦૦ જિલ્લામાં પાકનો સર્વે કરવામાં આવશે તેમજ ૩૨ પાકોની ૧૦૯ નવી જાતો રજૂ કરવામાં આવશે.**

### નવુ બજેટ યુવાનોને અસંખ્ય તકો પ્રદાન કરશે : મોદી



કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું પ્રથમ સામાન્ય બજેટ રજૂ કર્યું. વડાપ્રધાન મોદીએ બજેટમાં કરાયેલી જોગવાઈઓ પર ખુશી વ્યક્ત કરતા કહ્યું કે આ બજેટ દેશને સમૃદ્ધિ તરફ લઈ જશે અને આ બજેટમાં સમાજના તમામ વર્ગોનું ધ્યાન રાખવામાં આવ્યું છે. વડાપ્રધાને કહ્યું કે 'આ એક એવું બજેટ છે જે તાકાત આપે છે. આ એક એવું બજેટ છે જે ખેડૂતો અને યુવાનોને પ્રગતિના પંથે લઈ જશે. છેલ્લા ૧૦ વર્ષમાં ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. તેમની આર્થિક પ્રગતિમાં સાતત્યતા માટે આ બજેટ છે. આ એક એવું બજેટ છે જે યુવાનોને અગણિત તકો આપશે. આ બજેટ મધ્યમ વર્ગને નવી તાકાત આપશે. તે આદિવાસી સમાજ, દલિતો અને પછાત લોકોના સશક્તિકરણ માટે મજબૂત યોજનાઓ સાથે આવ્યું છે. આ બજેટ મહિલાઓની આર્થિક ભાગીદારીને સુનિશ્ચિત કરવામાં મદદ કરશે. વડાપ્રધાન મોદીએ કહ્યું, 'આ બજેટથી વેપારીઓ અને નાના ઉદ્યોગોને પ્રગતિનો નવો માર્ગ મળશે. બજેટમાં ઉત્પાદન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. આનાથી આર્થિક વિકાસને વેગ મળશે અને ગતિ પણ જળવાઈ રહેશે. રોજગાર અને સ્વરોજગાર બનાવવો એ અમારી સરકારની ઓળખ રહી છે. આજનું બજેટ તેને વધુ મજબૂત કરે છે. વડાપ્રધાનના કહેવા પ્રમાણે, 'આ બજેટમાં સરકારે રોજગાર સાથે જોડાયેલ પ્રોત્સાહનની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ, અમારી સરકાર તેમના જીવનની પ્રથમ નોકરી મેળવનાર યુવાનોને પ્રથમ પગાર આપશે. સ્કીલ ડેવલપમેન્ટ અને હાયર એજ્યુકેશન માટે મદદ હોય કે એક કરોડ યુવાનો માટે ઈન્ટર્નશીપ સ્કીમ, આ યુવાનો કરશે, ગરીબો કરશે, મારા પુત્ર-પુત્રીઓ દેશની ટોચની કંપનીઓમાં કામ કરશે.

રાજુલાના ભેરાઈ ગામના પ્રૌઢને સરકારી ડોકટરે પોતાની ખાનગી હોસ્પિટલમાં સારવાર આપ્યા બાદ

# ડોકટરની બેદરકારીને કારણે પ્રૌઢનો જીવ ગયો હોવાનો આક્ષેપ

**પરિવારજનોએ ડોકટર સામે કડક કાર્યવાહીની માંગ કરી**

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં ભુતકાળમાં ઉઘાડપગા ડોકટરો ઝડપાયા હોવાના બનાવો બનવા પામ્યા છે. ત્યારે સરકારી હોસ્પિટલના ડોકટર મફતમાં સારવાર કરવાને બદલે પોતાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે કહેતા હોય અને પોતાની બેદરકારીથી પ્રૌઢનું અવસાન થયુ હોવાનું સામે આવતા અમરેલી તબીબી જગતમાં ખળભળાટ મચી ગયો છે. રાજુલા તાલુકાના ભેરાઈ ગામના ખેડૂત ભોપાભાઈ માણસુરભાઈ વાઘ (ઉ.વ.૬૭)ને પગમાં રસી થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના સરકારી તબીબ ડો.બલદાણીયા દ્વારા તેમની ખાનગી પ્રાઈવેટ હોસ્પિટલમાં સારવાર આપવાનું કહેતા પરિવારે દર્દીને પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડ્યાં હતાં. જ્યાં પરિવારના આક્ષેપો પ્રમાણે ૨ બાટલા ચડાવ્યા બાદ રિએક્શન આવતા તબિયત વધુ લથડી ગઈ અને વધુ સારવાર માટે અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જ્યાં સારવાર દરમ્યાન



મોત થતા આ તબીબ નાસી છૂટ્યા હોવાને કારણે પરિવારજનોમાં ભારે રોષ ફેલાયો હતો. મૃતકની લાશ રાજુલા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં પરિવારે લાશ સ્વીકારવાનો ઈન્કાર કરી ભારે હોબાળો મચાવ્યો હતો. પોલીસ ફરિયાદ નોંધવા માટેની માંગ કરાઈ હતી. રાજુલા પોલીસ હોસ્પિટલમાં દોડી આવી અને પોલીસ દ્વારા પરિવારજનોના નિવેદનો લેવામાં આવ્યા હતા. મૃતકના પરિવારજનોએ ડોક્ટરની ગંભીર બેદરકારીના આક્ષેપ કરતા મૃતકની લાશ ફોરેન્સિક રિપોર્ટ માટે ભાવનગર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. સરકારી ડોકટર ખાનગી હોસ્પિટલમાં પ્રેક્ટિસ કરતા હોવાને કારણે તેમની તપાસ કરી કાર્યવાહી કરવા માટેની પરિવારજનો દ્વારા માંગણી કરવામાં આવી છે.

**જિલ્લામાં સરકારી ડોકટરો ખાનગી પ્રેક્ટિસ કરી રહ્યાં છે**

અમરેલી જિલ્લામાં આવેલી સરકારી હોસ્પિટલમાં ડોકટરો સેવા બજાવ્યા બાદ પોતાની ખાનગી હોસ્પિટલ પણ શરૂ કરી મોટાભાગે દર્દીઓને પોતાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે આવવાનું કહેતા હોવાનું અનેકવાર સામે આવ્યુ છે. આ બાબતે જિલ્લા આરોગ્ય તંત્રને જાણ હોવાછતાં આવા ડોકટરો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી જેના કારણે ઘણીવાર દર્દીઓને આર્થિક ડામ સહન કરવો પડે છે.

# પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ કેન્દ્રીય બજેટને આવકાર્યું

**ગરીબ કલ્યાણ યોજનાના નિર્ણયને આવકાર્યો**

અમરેલી,તા.૨૩

અમરેલીના પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા રજૂ કરાયેલા ૨૦૨૪-૨૫ના બજેટને આવકાર્યું છે. તેમણે આ બજેટને સર્વાંગી અને સર્વસમાવેશી ગણાવ્યું છે. કાછડીયાએ જણાવ્યું કે, "વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ રજૂ થયેલું આ બજેટ દેશના વિકાસની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે." તેમણે બજેટમાં દર્શાવેલા નવ મુખ્ય સૂત્રોનો ઉલ્લેખ કર્યો, જેમાં કૃષિ, રોજગાર, માનવ સંસાધન વિકાસ, ઉત્પાદન, શહેરી વિકાસ, ઊર્જા સંરક્ષણ, માળખાકીય સુવિધાઓ, નવીનતા અને સંશોધનનો સમાવેશ થાય છે. તેમણે બજેટની મુખ્ય જોગવાઈઓ વિશે માહિતી આપતાં કહ્યું કે, "આગામી પાંચ વર્ષમાં ૪.૧ કરોડ યુવાનો માટે રોજગાર અને કૌશલ્ય વિકાસ



યોજનાઓ માટે ૨ લાખ કરોડની ફાળવણી કરવામાં આવી છે." તેમણે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનાને વધુ પાંચ વર્ષ માટે લંબાવવાના નિર્ણયને પણ આવકાર્યો. કાછડીયાએ પ્રાકૃતિક ખેતી માટે ૧.૨૨ લાખ કરોડની જોગવાઈ, ઉચ્ચ શિક્ષણ માટે ૧૦ લાખની લોન યોજના અને આવાસ યોજનાઓ માટેની જોગવાઈઓનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે મહિલાઓ અને બાળકીઓ માટેની યોજનાઓ માટે ૩ લાખ કરોડની ફાળવણીને પણ આવકારી. અંતમાં, કાછડીયાએ વડાપ્રધાન મોદી અને નાણામંત્રી સીતારમણનો આ "સર્વાંગી અને સર્વસમાવેશી" બજેટ રજૂ કરવા બદલ આભાર વ્યક્ત કર્યો.

# રાજુલાની ટ્રકચોરીનો આરોપી ૬ વર્ષે રાજસ્થાનથી ઝડપાયો

**પોલીસે આરોપીની ધરપકડ કરી રાજુલા પોલીસને સોંપ્યો**

અમરેલી,તા.૨૩

રાજુલા પોલીસની ટીમે ટ્રક ચોરીના આરોપીને ઝડપી પાડ્યો છે. અગાઉ ટ્રક ચોરીની ફરિયાદ નોંધાઈ હતી.જેમાં રાજુલાના હિંડોરણા ચોકડી રવિરાજ એન્ટરપ્રાઈઝ ઓફિસ પાસે પાર્ક



તસવીર : ગોપાલ રાઠોડ

કરેલો ટ્રક ચોરાયો હતો. જેમાં કુલ ત્રણ આરોપીઓ હતા, જેમાં જે તે સમયે ૨ આરોપી સાથે ટ્રક ઝડપી લેવાયા બાદ એક આરોપી ફરાર હતો અને ગુનો નોંધાયેલો હતો. ત્યારે આ ગુનામાં ૬ વર્ષથી ફરાર આરોપીનું લોકેશન શોધી નાસતા ફરતા સ્કવોડની ટીમ રાજસ્થાન રાજ્યમાં પહોંચી અજમેર જિલ્લાના પીસાંગન તાલુકાના શેઠન ગામમાંથી આરોપી હુકમારામ કાશીરામ (કેશુજી) બાવરી ધંધો ડ્રાઈવરને ઝડપી લીધો તેમની ધરપકડ કરી રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સાવરકુંડલામાં તંત્રની ઘોર બેદરકારીને કારણે જનઆરોગ્ય પર ગંભીર ખતરો

સાવરકુંડલા,તા.૨૩

સમગ્ર રાજયમાં ચાંદીપુરા વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. વાયરસને લીધે બાળકો મોતને ભેટી રહ્યાં છે ત્યારે સાવરકુંડલાનું તંત્ર જાણે કુંભકર્ણ નિંદ્રામાં પોઢી રહ્યુ હોય તેવુ લાગી રહ્યુ છે. સાવરકુંડલામાં સતત વરસી રહેલા વરસાદને કારણે પાણીના ખાબોચીયા ભરાયેલા



હોવાથી મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. મચ્છરોને લીધે જનઆરોગ્ય પર ગંભીર ખતરો ઉભો થયો છે ત્યારે રોગચાળો ફેલાય તે પહેલા જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

૨૦૦૦ની આસપાસ આવતા બિલને બદલે ૬૭૦૦૦નું વીજબિલ ફટકાર્યુ

# વીજપડીના વીજગ્રાહકને તોતીંગ વીજબિલ ફટકારવામાં આવતા રોષ

**પીજીવીસીએલની ઘોર બેદરકારી સામે ગરીબ પરિવાર લાચાર**

વીજપડી,તા.૨૩

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે વીજતંત્રની ઘોર બેદરકારીનો નમૂનો સામે આવ્યો છે. સામાન્ય બિલને બદલે વીજતંત્રએ તોતીંગ બિલ ફટકારી દેતા ગરીબ પરિવારમાં ફફડાટ ફેલાયો છે. અમરેલી પીજીવીસીએલના સાવરકુંડલા વીજ ડિવિઝન દ્વારા વીજપડીના એક ગ્રાહકને અધધ.. વીજબિલ ફટકારી દેતા તંત્રની બેદરકારીનો નમૂનો સામે આવ્યો છે.

અમરેલી જિલ્લામાં હજુ સ્માર્ટમીટર આવ્યુ નથી ત્યાં વગર સ્માર્ટમીટરે ૬૭૦૦૦ કરતા પણ વધારે વીજબિલ ગ્રાહકને ઠોકી દીધુ છે. વીજપડી ગામે રહેતા વાલ્મીકિ સમાજના સોમાભાઈ ડાયાભાઈ નામના ગ્રાહકને ૬૭૦૦૦ કરતા વધારે રકમનું બિલ ઠોકી દેવામાં આવતા ગરીબ પરિવાર ફફડી ઉઠેલ છે. આ પરિવારના ઘરે એક પંખો, ફ્રિઝ, ટીવી, લેમ્પ જેવા ઉપકરણો હોવાથી દર વખતે રૂા.૨૦૦૦ની આસપાસ જ વીજબિલ આવતુ હતું પરંતુ સાવરકુંડલા વીજ ડિવિઝન દ્વારા જાણે ગરીબ પરિવારોને લૂંટવાનો પ્લાન હોય તેમ ગત મહિને રૂા.૬૭,૫૩૩.૪૭નું વીજબિલ ફટકારી દીધુ છે. આ પરિવાર મજૂરી કરીને પોતાનું પેટીયુ રળે છે ત્યારે આવડુ મોટું બિલ જોઈ ગરીબ પરિવાર પણ ચોંકી ગયો હતો.

આ બાબતે વીજ કચેરીએ જઈને રજૂઆત કરતા કોઈ અધિકારી ગરીબ પરિવારની વ્હારે આવ્યા નહોતા ત્યારે આ પરિવાર છેલ્લાં ત્રણ બિલ લઈને ન્યાયની માંગણી સાથે વીજ કચેરીએ ધક્કા ખાઈ રહ્યો છે.

આમ, વીજતંત્રની ઘોર બેદરકારીને કારણે વીજગ્રાહકોમાં ભારે રોષ ફેલાયો છે.

# ગૌશાળાઓ અને પાંજરાપોળ માટે પશુ દીઠ નિભાવ ખર્ચ વધારવાની માંગ

**હાલમાં, સરકાર દ્વારા પશુ દીઠ માત્ર રૂ. ૩૦ નિભાવ ખર્ચ પેટે આપવામાં આવે છે**

બગસરા,તા.૨૩

ગૌસેવા સમિતિ શ્રી સીયારામ ગૌશાળા દ્વારા બગસરા મામલદારને આવેદન આપીને ગૌશાળાઓ અને પાંજરાપોળમાં રહેતા પશુઓના નિભાવ ખર્ચમાં વધારો કરવાની



માંગ કરવામાં આવી છે. હાલમાં, સરકાર દ્વારા પશુ દીઠ માત્ર રૂ. ૩૦ નિભાવ ખર્ચ પેટે આપવામાં આવે છે, જે ખર્ચમાં વધારો થયો હોવાથી પશુઓનો યોગ્ય નિભાવ કરવો મુશ્કેલ બની રહ્યું છે. ઘણા પશુઓને પૂરતો ખોરાક અને દવા ન મળી રહી હોવાનું પણ જાણવા મળ્યું છે. આ સમસ્યાના ઉકેલ માટે, ગૌશાળા અને પાંજરાપોળના સંચાલકોએ સરકારને પશુ દીઠ નિભાવ ખર્ચ વધારીને રૂ. ૧૦૦ કરવાની માંગ કરી છે. આ વધારાના નાણાંથી પશુઓને પૂરતો ખોરાક, દવા અને સંભાળ મળી શકશે. આવેદનપત્રમાં ગૌશાળાઓ અને પાંજરાપોળમાં રહેતા પશુઓની દયનીય સ્થિતિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને સત્વરે યોગ્ય પગલાં લેવાની અપીલ કરવામાં આવી છે.

# ધારાસભ્ય જનક તળાવીયાએ કેન્દ્રીય બજેટને આવકાર્યું

**તળાવીયાએ જણાવ્યું કે આ બજેટમાં ગરીબો, મહિલાઓ, યુવાનો અને ખેડૂતો માટે મહત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે**

બાબરા,તા.૨૩

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણ દ્વારા આજે સંસદમાં રજૂ કરવામાં આવેલા વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટને લાઠી-બાબરા વિસ્તારના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ આવકાર્યું છે. તેમણે આ બજેટને "જન હિતકારી અને પ્રજાલક્ષી" ગણાવ્યું છે. તળાવીયાએ જણાવ્યું કે આ બજેટમાં ગરીબો, મહિલાઓ, યુવાનો અને ખેડૂતો માટે મહત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે.

તેમણે બજેટની મુખ્ય જોગવાઈઓનો ઉલ્લેખ કરતાં કહ્યું: પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૩ કરોડ નવા ઘરોનું નિર્માણ, ૧ કરોડ ઘરોમાં મફત વીજળી માટે



સોલાર પેનલની સ્થાપના, વિદ્યાર્થીઓ માટે ૩% વ્યાજ દરે શૈક્ષણિક લોન, શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં પાકા રસ્તાઓનું નિર્માણ, કેન્સરની ત્રણ દવાઓ પરથી કસ્ટમ ડ્યુટી હટાવવાની જાહેરાતને આવકારી હતી. તળાવીયાએ વધુમાં જણાવ્યું કે આ બજેટથી દેશના દરેક વર્ગના લોકોને ફાયદો થશે. તેમણે ઉમેર્યું કે ગુજરાતના લોકોને પણ આ બજેટની જાહેરાતોનો મોટા પ્રમાણમાં લાભ મળશે. કેન્દ્ર સરકારના આ બજેટને સર્વસમાવેશક ગણાવતા તળાવીયાએ તેને "આવકારદાયક" ગણાવ્યું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ



મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

**એજીએમસીબીએ માત્ર ૪૮ દિવસમાં ૧૫૧૯ નવા APY સબસ્ક્રાઇબર્સ ઉમેરીને સમગ્ર દેશની સહકારી બેંકોમાં પ્રથમ સ્થાન મેળવ્યું**

# અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકને અટલ પેન્શન યોજનામાં શ્રેષ્ઠ કામગીરી માટે એવોર્ડ મળ્યો

અમરેલી,તા.૨૩





મુંબઈ ખાતે પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક (એજીએમસીબી)ને પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (PFRDA) દ્વારા "Exemplary Award of Par Excellence" એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. બેંક દ્વારા અટલ પેન્શન યોજના (APY) હેઠળ કરવામાં આવેલી ઉત્કૃષ્ટ કામગીરી બદલ આ એવોર્ડ આપવામાં આવ્યો છે. એજીએમસીબીએ માત્ર ૪૮ દિવસમાં ૧૫૧૯ નવા APY સબસ્ક્રાઈબર્સ ઉમેરીને સમગ્ર દેશની સહકારી બેંકોમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું. અને વિક્રમજનક ૨૦૨% કામગીરી કરી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આ સિદ્ધિ બેંકના ચેરમેન દિલીપભાઈ સંઘાણી અને જનરલ મેનેજર બી.એસ. કોઠીયાના સફળ નેતૃત્વ અને બેંકના કર્મચારીઓના સમર્પણને લીધે શક્ય બની છે. એજીએમસીબી સમગ્ર દેશમાં APY યોજના હેઠળ શ્રેષ્ઠ કામગીરી કરનારી બેંકોમાંની એક છે.

# અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયાએ કેન્દ્રીય બજેટને આવકાર્યું

અમરેલી, તા.૨૩



અમરેલી જિલ્લા ભાજપના ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયાએ કેન્દ્ર સરકારના ૨૦૨૪-૨૫ના બજેટને આવકાર્યું છે. તેમણે જણાવ્યું કે આ બજેટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ વિકસિત ભારતના નિર્માણના ધ્યેયને આગળ ધપાવશે. પાનસુરીયાએ બજેટની મુખ્ય જોગવાઈઓનો ઉલ્લેખ કરતાં કહ્યું કે આ બજેટ યુવાનો, ગરીબો, મહિલાઓ અને ખેડૂતો એમ ચાર મહત્વના વર્ગોને લાભ આપશે. તેમણે નોંધ્યું કે પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ લોનની મર્યાદા વધારીને ૨૦ લાખ કરવામાં આવી છે, જે ઉદ્યમીઓને મદદરૂપ થશે.યુવાનો માટેની જોગવાઈઓમાં પ્રથમ નોકરી પર ૧૫,૦૦૦ની સહાય, ૧૦૦૦ ITIનું અપગ્રેડેશન અને આગામી પાંચ વર્ષમાં ૧ કરોડ યુવાનોને તાલીમનો સમાવેશ થાય છે.

શહેરી વિસ્તારોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૧ કરોડ પરિવારોને આવરી લેવાશે. મહિલા સશક્તિકરણ માટે ૩ લાખ કરોડની ફાળવણી અને કૃષિ ક્ષેત્ર માટે ૧.૫૨ લાખ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. વધુમાં, ૧ કરોડ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી સાથે જોડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. પાનસુરીયાએ નાણામંત્રી નિર્મલા સીતારમણને આ "ઐતિહાસિક" બજેટ રજૂ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

**જિલ્લા રજીસ્ટાર, સહકારી મંડળીઓ, જિલ્લા મધ્યસ્થ બેન્ક-અમરેલીના સંયુક્ત ઉપક્રમે**

# તાલુકા મથકે 'સહકારથી સમૃધ્ધિ અંતર્ગત' કેમ્પનું આયોજન કરાયુ

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં નોંધાયેલ તમામ સહકારી મંડળીઓ જેવી કે સહકારી મંડળીઓ, દૂધ ઉત્પાદક મંડળીઓ, ક્રેડીટ, શરાફી બચત મંડળીઓ સહિતના મંડળીઓના ચેરમેન તથા સેક્રેટરીઓને 'સહકારથી સમૃધ્ધિ અંતર્ગત' સરકારના કાર્યક્રમની સમજૂતી મળે તથા તમામ સહકારી મંડળીઓ અને તેઓના સભાસદોના બેંક ખાતા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં ખોલવા માટે જિલ્લા રજિસ્ટાર, સહકારી મંડળીઓ, જિલ્લા બેંક-અમરેલીના સંયુકત ઉપક્રમે તાલુકા કક્ષાએ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજે તા.૨૪ના રોજ બપોરે ૪ કલાકે માર્કેટીંગ યાર્ડ સાવરકુંડલા ખાતે, તા.૨૫ના રોજ બપોરે ૧૦:૩૦ કલાકે માર્કેટીંગ યાર્ડ લાઠી ખાતે, તા.૨૫ના રોજ બપોરે ૩ કલાકે પ્રગતિ ક્રેડીટ કો. ઓપ. સોસાયટી લી. અમૃતબા હાઈસ્કૂલની સામે લીલીયા ખાતે, તા.૨૬ના રોજ સવારે ૯:૩૦ કલાકે કુંકાવાવ તાલુકા ખ.વે.સંઘ બસસ્ટેશનની બાજુમાં, તા.૨૬ના રોજ સવારે ૦૧:૩૦ કલાકે માર્કેટીંગ યાર્ડ અમરેલી ખાતે, તા.૨ ઓગષ્ટના રોજ સવારે ૧૦:૩૦ કલાકે માર્કેટીંગ યાર્ડ ખાંભા ખાતે, તા.૨ ના રોજ બપોરે ૨ કલાકે માર્કેટીંગ યાર્ડ ધારી ખાતે, તા.૨ ઓગષ્ટના રોજ સાંજે ૫ કલાકે માર્કેટીંગ યાર્ડ બગસરા ખાતે તથા તા.૩ ના રોજ સવારે ૧૧ કલાકે માર્કેટીંગ યાર્ડ રાજુલા ખાતે જાફરાબાદ તાલુકાના લોકો પણ કેમ્પમાં ભાગ લઈ શકશે. તા.૩ ના રોજ બપોરે ૩-૩૦ કલાકે માર્કેટીંગ યાર્ડ બાબરા ખાતે, આ કેમ્પમાં આવતી વખતે સંસ્થા તથા સભ્યોના કેટલા ખાતા અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંકમાં છે? કેટલા નથી? કેટલા ખોલવાના બાકી છે? તેની માહિતી ફરજિયાત લાવવાની રહેશે.

# બજેટમાં આશા રાખીને બેઠેલા ડાયમંડ ઉદ્યોગમાં ઘોર નિરાશા

અમરેલી,તા.૨૩

એનડીએ સરકારના નાણામંત્રી નિર્મલા સીતારમણે કેન્દ્રીય બજેટ રજૂ કરતા કહી ખુશી કહી ગમ જેવો માહોલ સર્જાયો છે. જેમાં ખાસ કરીને અમરેલી સહિત સમગ્ર રાજયના હીરા ઉદ્યોગમાં આ બજેટને લઈ ઘોર નિરાશા જોવા મળી રહી છે. હીરા ઉદ્યોગને આ બજેટ પર મોટી આશાઓ હતી પરંતુ કોઈ મોટી જાહેરાત ન થતા હીરા ઉદ્યોગમાં ઘોર નિરાશા સાંપડી છે. ફક્ત ગોલ્ડ ડ્યુટીમાં ઘટાડો થતા સ્થાનિક લેવલે ઘરેલુ માર્કેટમાં થોડી તેજી આવવાની શકયતા છે. જો કે, વિદેશી હૂંડીયામણ કમાઈ આપતા હીરા ઉદ્યોગમાં ઘોર નિરાશા સાંપડી છે.

# અમરેલી જિલ્લામાંથી ૧૦ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ જગ્યાએથી ૧૦ પ્યાસીને પકડીને ધોરણસરની કાર્યવાહી કરી હતી. જાફરાબાદમાંથી ત્રણ, સાવરકુંડલામાંથી બે, નવા માલકનેસ, ક્રાંકચ, રોહીસા, મોટા દેવળીયા અને ચિતલ ગામેથી એક-એક મળી કુલ ૧૦ ઈસમો કેફી પીણું પીને ફરતાં મળી આવ્યા હતા. શીયાળબેટ ગામેથી એક મહિલા પાસેથી ત્રણ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. સાવરકુંડલામાંથી એક યુવક કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યો હતો.

# અમરેલીના વડેરા જનતા વિદ્યાલયમાં ગુરૂપૂનમની ઉજવણી કરવામાં આવી

અમરેલી,તા.૨૩




અમરેલીના વડેરા ખાતે આવેલ જનતા વિદ્યાલયમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવની વિદ્યાર્થીઓની બહોળી હાજરીમાં ઉજવણી કરવામાં આવી હતી. આ તકે વિદ્યાર્થીઓએ વિવિધ વેશભૂષા ધારણ કરી હતી અને વકતવ્ય આપ્યા હતા. શિક્ષકો નીલેશભાઈ મહેતા અને ધર્મેશભાઈ પંડયા દ્વારા વિદ્યાર્થીઓને ગુરૂમહિમા વિશે માહિતી આપી ગુરૂની મહિમા સમજાવી હતી.






# આમ આદમી પાર્ટીએ ગુજરાતમાં યુવાનોને માસિક સહાય માટે આવેદન આપ્યું

અમરેલી,તા.૨૩



આમ આદમી પાર્ટી (આપ) એ ગુજરાતના યુવાનો અને મહિલાઓ માટે માસિક આર્થિક સહાયની માંગણી કરી છે. અમરેલી જિલ્લાના કલેક્ટર મારફતે આપના અમરેલી જિલ્લા પ્રમુખ નિકુંજ સાવલિયાએ જણાવ્યું કે, "મધ્યપ્રદેશની ભાજપ સરકાર દીકરીઓને દર મહિને ૧૦૦૦ રૂપિયાની સહાય આપે છે. મહારાષ્ટ્રમાં ભાજપ સમર્થિત સરકારે યુવાનોને ૬૦૦૦થી ૧૦૦૦૦ રૂપિયા સુધીનું બેરોજગારી ભથ્થું આપવાની જાહેરાત કરી છે. તો ગુજરાતના યુવાનોને આવી સહાય કેમ નથી મળતી?" આવેદનપત્રમાં આપે જણાવ્યું કે, "એક જ દેશના બે રાજ્યોના યુવાનો વચ્ચે આવો ભેદભાવ કેમ?" આપે માંગ કરી છે કે ગુજરાતના યુવાનો અને મહિલાઓને પણ આવી માસિક સહાય આપવામાં આવે.

# ત્રણ ઈસમો પાસેથી ૯ લીટર દેશી દારૂ મળ્યો

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં ત્રણ ઈસમો પાસેથી ૯ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. શાખપુર ગામ પાસેથી ટીંબાના યુવક પાસેથી ૨ લીટર, જાફરાબાદ બસ સ્ટેશન પાસેથી નેસડી ગામનો યુવક ૨ લીટર અને અમરેલીમાં દેવળીયા-કણકોટ જવાના રસ્તેથી એક યુવક ૫ લીટર પીવાના દેશી દારૂ સાથે ઝડપાયો હતો.










તંત્રી લેખ

# બજેટનો આધાર-આર્થિક સર્વે

ગત વર્ષે રાષ્ટ્રના વિકાસમાં કેટલી ગતિ આવી છે, કયા ક્ષેત્રમાં સૌથી વધુ નાણાં વપરાયા છે અને તેની કેવી અસર થઈ છે આ નાણાકીય અસરો અને વિકાસની વાતનો આધાર લઈને આગામી બજેટ તૈયાર કરવામાં આવે છે. બજેટ એટલે અંદાજપત્ર તેને આગામી વર્ષનું નાણાકીય આયોજન પણ કહી શકાય. આ બજેટ રજૂ થાય તે પહેલાના દિવસે ઈકોનોમિકલ સર્વે કરવામાં આવે છે તેને આર્થિક સર્વે પણ કહે છે. આર્થિક સર્વેક્ષણ શું હોય છે? બજેટના એક દિવસ પહેલાં જ કેમ રજૂ કરાય છે? આર્થિક સર્વે એ વાર્ષિક દસ્તાવેજ છે જે ભારતના અર્થતંત્રની કામગીરીની સમીક્ષા કરે છે. તે નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગના ઈકોનોમિક્સ ડિવિઝન દ્વારા તૈયાર કરવામાં આવે છે. આ સર્વેમાં પાછલા નાણાકીય વર્ષ દરમિયાન થયેલ આર્થિક વિકાસ અને વર્તમાન વર્ષ માટેના અંદાજનું વિગતવાર વિશ્લેષણ રજૂ કરવામાં આવે છે. તે મોટા આર્થિક પડકારો અને તકોનું મૂલ્યાંકન પણ પ્રદાન કરે છે જેથી દેશ નજીકના ભવિષ્યમાં પડકારોનો સામનો કરી શકે છે. આર્થિક સર્વેક્ષણના કેટલાક મુખ્ય મુદ્દાઓમાં નીચેનાનો સમાવેશ થાય છે: જીડીપીનો વિકાસ દર, ફુગાવો અને નાણાકીય પરિસ્થિતિ સહિત અર્થતંત્રના એકંદર પ્રદર્શનનું મૂલ્યાંકન કરવામાં આવે છે. અર્થતંત્રના મુખ્ય ક્ષેત્રોમાં વલણોનું વિશ્લેષણ, જેમ કે કૃષિ, ઉદ્યોગ અને સેવાઓ. સરકાર દ્વારા અનુસરવામાં આવતી નાણાકીય અને નાણાકીય નીતિઓની સમીક્ષા અને અર્થતંત્ર પર તેમની અસર. ચુકવણી અને વેપારના સંતુલન સહિત બાહ્ય ક્ષેત્રની પરીક્ષા. દેશ સામેના મુખ્ય આર્થિક પડકારોની ચર્ચા, જેમ કે ગરીબી, અસમાનતા અને બેરોજગારી. સરકાર દ્વારા અમલી વિવિધ સામાજિક-આર્થિક યોજનાઓ અને કાર્યક્રમોમાં થયેલી પ્રગતિની સમીક્ષા. આર્થિક સર્વે એ પૂરા થયેલા નાણાકીય વર્ષ દરમિયાન ભારતીય અર્થતંત્રની વ્યાપક સમીક્ષા અથવા વાર્ષિક અહેવાલ છે. જે ભારતના મુખ્ય આર્થિક સલાહકારના માર્ગદર્શન હેઠળ નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગના ઈકોનોમિક્સ ડિવિઝન દ્વારા તૈયાર કરવામાં આવે છે. આ વર્ષનો આર્થિક સર્વે વી.અનંત નાગેશ્વરન દ્વારા બજેટની જાહેરાતના એક દિવસ પહેલા ૨૨ જુલાઈએ રજૂ કરવામાં આવ્યો હતો. તે સરકારની આર્થિક કામગીરી, મુખ્ય વિકાસલક્ષી કાર્યક્રમો અને નીતિગત પહેલોના સારાંશ તરીકે કાર્ય કરે છે; જેમાં આગામી નાણાકીય વર્ષ માટેનો અંદાજ પણ મળે છે. આર્થિક સર્વેના બે ભાગ હોય છે. જેમાં પ્રથમ ભાગમાં દેશના આર્થિક વિકાસ અને પડકારો અને અર્થતંત્રની વ્યાપક સમીક્ષાનો સમાવેશ થાય છે; અને બીજા ભાગમાં સામાજિક સુરક્ષા, ગરીબી, શિક્ષણ, આરોગ્યસંભાળ, માનવ વિકાસ અને આબોહવા જેવા વિશિષ્ટ વિષયો પર ગત નાણાકીય વર્ષનું વિશ્લેષણ દર્શાવવામાં આવે છે. આ આર્થિક સર્વે મહત્વપૂર્ણ છે. આર્થિક સર્વેક્ષણ એ વીતેલા નાણાકીય વર્ષમાં ભારતના વિકાસની વ્યાપક સમીક્ષા દર્શાવે છે, જે તમામ ક્ષેત્રો, ઉદ્યોગો, કૃષિ, રોજગાર, કિંમતો અને નિકાસના વિગતવાર આંકડાકીય ડેટાના વિશ્લેષણ પર આધારિત છે. નવા નાણાકીય વર્ષ માટે માર્ગદર્શન પૂરૂ પાડે છે. આર્થિક સર્વે પરથી નવા નાણાકીય વર્ષમાં કયા ક્ષેત્રો પર ફોકસ અને વધુ ફાળવણી, નીતિ સહાય અને સરકારી કાર્યક્રમોની જરૂર પડશે તે અંગે એક સર્વગ્રાહી દૃષ્ટિકોણ મેળવવામાં મદદ કરે છે. આર્થિક સર્વે એ અર્થતંત્રનું સૌથી અધિકૃત અને વ્યાપક વિશ્લેષણ છે જે કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરવામાં આવે છે. જો કે, તેમાં ભલામણો અને મૂલ્યાંકન કેન્દ્રીય બજેટ માટે બંધનકર્તા નથી. આર્થિક સર્વે દ્વારા નાગરિકોને સરકારની કામગીરીની વિગતો અને માહિતી મળે છે. વર્ષની સરકારની સિદ્ધિઓની રૂપરેખા આપી આગામી નાણાકીય વર્ષ માટે લક્ષ્યો અને ફાળવણીની જાહેરાત કરવામાં આવે છે. બજેટનો હેતુ આગામી નાણાકીય વર્ષ માટેની નીતિઓ, ફાળવણી અને યોજનાઓની જરૂરિયાતોને પૂર્ણ કરવાનો છે.

**પીપાવાવ પોર્ટમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા યોજાયેલી**

# લોકસુનવણીમાં રાજુલા પંથકના ગ્રામજનોની ધારદાર રજૂઆત

**સ્થાનિકોને રોજગારી આપવામાં આવતી ન હોવાનો ગ્રામજનોનો આક્ષેપ**

અમરેલી,તા.૨૩

રાજુલા તાલુકાના રામપરા ગામ નજીક દરિયા કાંઠે એપીએમ પીપાવાવ પોર્ટ ટર્મિનલ લિમિટેડ કંપની વર્ષોથી ધમધમી રહી છે, ત્યારે હવે પીપાવાવ પોર્ટના વિસ્તરણ અને આધુનિકીકરણ માટે જેટી બનાવવા જઈ રહ્યા છે ત્યારે તે સંદર્ભે આજે પીપાવાવ પોર્ટમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સંચાલિત સ્થાનિક લોકોની રજૂઆતો સાંભળવા માટે પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને લોકસુનાવણી યોજવામાં આવી હતી. જેમાં શિયાળબેટ, રામપરા, કોવાયા, ભેરાઈ, ભચાદર, ઉચૈયા, વડ સહિત ગામડાના લોકો મોટી સંખ્યામાં લેખિત, મૌખિત રજૂઆતો કરવા માટે પહોંચ્યા હતા અને મોટી સંખ્યામાં લોકોએ વિરોધ નોંધાવ્યો હતો. શિયાળબેટ,


તસવીર : ગોપાલ રાઠોડ

રામપરા, ઉચૈયા, ભચાદર, કોવાયા, રામપરા સહિત ગામના સ્થાનિક સરપંચો દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી. પોર્ટ દ્વારા જેટી આગળ વધારવામાં આવશે તો ખારૂ પાણી ગામમાં આવશે તે કારણે પાણીના તળ ખારા થશે, રોજગારી મળતી નથી, કંપની સ્થાનિકોને રોજગારી આપતી નથી. મેન્ગૃવ વૃક્ષોને નુકસાન થઈ રહ્યું છે, સિંહોને બચાવવા માટે પોર્ટ આગળ આવે ઉપરાંત જેટીના કારણે માછલીઓનું નિકંદન થઈ રહ્યું હોવાની રજૂઆતો ઉપરાંત આસપાસના ગામડાના પાણીના તળ દરિયાનું પાણી આવવાના કારણે ખારા થવાથી ગ્રામજનોને મોટું નુકસાન જશે જેવી રજૂઆતો સ્થાનિક લોકો અને સરપંચો કરી હતી. લોકસુનાવણી સ્થળે ૨ DYSP, લોકલ ક્રાઈમ બ્રાન્ચ, સ્પેશ્યલ ઓપરેશન બ્રાન્ચ સહિત ૨૦૦ જેટલા પોલીસ કર્મચારીઓ બંદોબસ્તમાં જોડાયા હતા.

# ચરખડીયા ગામે કારે એક્ટિવાને ટક્કર મારી

**યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો**

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલા પંથકમાં માતેલા સાંઢની જેમ ફરતા વાહનોના કારણે અકસ્માતની સંખ્યામાં ઉત્તરોતર વધારો થઈ રહ્યો છે. ચરખડીયા ગામે અમદાવાદ પાસિંગની ફોર વ્હીલે એક્ટિવા ચાલકને ઉલાળતાં ગંભીર ઈજા થઈ હતી. બનાવ અંગે સમીરભાઈ ગફારભાઈ અગવાન (ઉ.વ.૪૩)એ જીજે-૦૧-ડબલ્યુએલ-૮૪૮૮ના ચાલક સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, કાકાના દીકરા સમશેદભાઈ અસરફભાઈ અગવાન એકટીવા લઈને બીલા તા.રાજુલા પોતાના નાના દીકરાને મુકવા ગયેલ હતા અને પરત આવતા હતા તે દરમિયાન ચરખડીયા ગામે પહોંચતા પાછળથી આવેવી ફોર વ્હીલ નં.GJ-૦૧-WL-૮૪૮૮ ના ચાલકે ટક્કર મારી હતી. જેમાં તેને માથામાં ગંભીર ઈજા તેમજ શરીરે નાની-મોટી ઈજાઓ થઈ હતી.

સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી.પી. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# નડાળા ગામથી રાણપર ગામ જવાના રસ્તેથી એક મહિલા સહિત પાંચ શકુની પકડાયા

**રૂ.૫૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો**

બાબરા, તા.૨૩

બાબરાના નડાળા ગામથી રાણપર ગામ જવાના રસ્તે અવેડાની પાસેથી પોલીસે જુગાર રમતાં પાંચ ઈસમોને દબોચી લીધા હતા. જેમાં એક મહિલા પણ હતી. પોલીસે કુલ ૫૬૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. લખમણભાઈ હરીભાઈ સોંધરવા, અનિલભાઈ નાનજીભાઈ પરમાર, હરેશભાઈ નાનજીભાઈ માધડ, ગૌતમભાઈ રવજીભાઈ મકવાણા તથા એક મહિલા જાહેરમાં તીનપત્તીનો હારજીતનો જુગાર રમતાં રોકડા ૫૬૦૦ સાથે ઝડપાયા હતા.

બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.એમ.ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

# પીઠવડી ગામની ખોડલધામ મહિલા સમિતિ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા, તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પર્યાવરણ અને પ્રકૃતિની રક્ષા સાથે ગ્લોબલ વોર્મિંગના પડકારો સામે તારણોપાય તરીકે મોટા પાયે વૃક્ષો વાવવા 'એક પેડ મા કે નામ' અભિયાન દેશભરમાં શરૂ કરાવ્યું છે. વિશ્વ પર્યાવરણ દિવસ, પાંચમી જૂને વડાપ્રધાને આ અભિયાન શરૂ કરાવીને ભારતના અને વિશ્વભરના લોકોને પોતાની માતા સાથે મળીને કે માતાને અંજલી રૂપે એક વૃક્ષ વાવવાની પ્રેરણા આપી છે. જે અનુસંધાને



તારીખ ૨૧/૪/૨૦૨૪ ના રોજ સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામની ખોડલધામ મહિલા સમિતિના કન્વીનર રક્ષાબેન પટેલ અને સમિતિની બહેનોએ મળીને ૧૦૦ જેટલા ઘરે વૃક્ષારોપણના કાર્યક્રમનું ખુબ સરસ રીતે આયોજન કર્યું હતું. તેમાં પીઠવડી ગામની બધી જ બહેનોએ હાજરી આપી હતી.

# ટ્રાન્સપોર્ટ ભાડામાં વધારો નહીં થાય તો પીપાવાવ ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન હડતાલ પર જશે

રાજુલા, તા.૨૩

તાજેતરમાં ભાવનગર સોમનાથ હાઈવે પર મહુવા નજીક રોહિસા ગામ પાસે ટોલટેક્સ ચાલુ કરવામાં આવતા આ ટોલટેક્સમાં ભાવ વધારે હોવાનું જણાવવામાં આવેલું ત્યારે પીપાવાવ કન્ટેનર ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ નવા ટોલ પ્લાઝા આવતા અને જૂના ટોલ પ્લાઝાના ભાવમાં વધારો આવતા ટ્રાન્સપોર્ટના ભાડા પણ વધારવા જરૂરી છે અથવા ટોલટેક્સ ઓછો કરવો. બંનેમાંથી એક વસ્તુ કરવા માટે આ એસોસિએશન દ્વારા જાહેર કરવામાં આવ્યું છે. જો થોડા સમયમાં ટ્રકના ભાડામાં તથા કન્ટેનર મુવમેન્ટના દરોમાં વધારો કરવામાં નહીં આવે તો પીપાવાવ ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશન અને ટ્રાન્સપોર્ટના માલિકો અને ટ્રક માલિકો દ્વારા હડતાલ કરવાની ફરજ પડશે તેમ જણાવ્યું છે.

# સૌરાષ્ટ્ર યાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૬૦ | ૧૬૦૧ |
| ઘઉં લોકવન | ૫૨૭ | ૫૫૫ |
| ઘઉં ટુકડા | ૫૧૨ | ૫૫૨ |
| જુવાર સફેદ | ૭૭૭ | ૮૧૦ |
| જુવાર લાલ | ૮૫૦ | ૯૫૦ |
| બાજરી | ૩૯૦ | ૪૪૦ |
| તુવેર | ૧૬૬૦ | ૧૯૨૫ |
| ચણા પીળા | ૧૧૪૪ | ૧૩૨૧ |
| ચણા સફેદ | ૧૫૬૧ | ૨૬૦૦ |
| અડદ | ૧૬૪૦ | ૧૮૭૦ |
| મગ | ૧૩૮૦ | ૧૬૫૦ |
| વાલ દેશી | ૧૭૩૦ | ૧૭૩૦ |
| ચોળી | ૧૦૦૦ | ૨૨૨૨ |
| વટાણા | ૪૦૦ | ૭૦૦ |
| સીંગદાણા | ૧૬૭૦ | ૧૭૮૫ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૩૫૮ |
| મગફળી જીણી | ૧૦૯૦ | ૧૨૪૫ |
| તલી | ૨૨૫૦ | ૨૬૦૦ |
| એરંડા | ૧૦૫૮ | ૧૧૯૧ |
| અજમો | ૧૭૦૦ | ૧૯૦૦ |
| સોયાબીન | ૮૨૦ | ૮૬૮ |
| સીંગ ફાડા | ૧૦૯૦ | ૧૫૨૦ |
| કાળા તલ | ૩૧૦૦ | ૩૪૪૦ |
| લસણ | ૧૮૫૦ | ૩૩૫૦ |
| ધાણા | ૧૧૧૧ | ૧૪૨૫ |
| વરીયાળી | ૧૦૫૦ | ૧૪૪૧ |
| જીરૂ | ૪૪૫૦ | ૫૧૨૫ |
| રાય | ૧૦૧૦ | ૧૧૦૦ |
| મેથી | ૯૫૦ | ૧૨૮૦ |
| કલોંજી | ૩૨૦૦ | ૩૮૧૫ |
| રાયડો | ૯૩૦ | ૧૦૩૭ |
| રજકાનું બી | ૪૨૦૦ | ૫૪૦૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૦૫૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૫૫૦ | ૧૧૩૦ |
| બટેટા | ૩૦૦ | ૬૩૫ |
| ડુંગળી સુકી | ૧૭૦ | ૫૭૫ |
| ટમેટા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| કોથમરી | ૯૦૦ | ૧૨૦૦ |
| રીંગણા | ૬૦ | ૧૫૦ |
| કોબીજ | ૩૦૦ | ૬૦૦ |
| ફલાવર | ૪૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૪૩૦ | ૭૨૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૨૦૦ |
| ચોળાસીંગ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૧૦૦ |
| ટીંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| દુધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૮૦૦ | ૧૫૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૮૦૦ |
| પરવર | ૭૦૦ | ૧૧૦૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૦૦ |
| કંટોળા | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ગલકા | ૧૭૦ | ૩૫૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૬૦૦ |
| આદુ | ૧૫૦૦ | ૧૮૦૦ |
| મરચા લીલા | ૭૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૭૦૦ | ૧૩૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૪૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૦૪૮ | ૧૨૨૧ |
| શિંગ મોટી | ૧૦૪૧ | ૧૨૭૩ |
| શિંગદાણા | ૧૩૧૧ | ૧૬૪૬ |
| શિંગ ફાડા | ૧૩૨૫ | ૧૫૬૬ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૫૭૫ |
| તલ કાળા | ૨૯૮૫ | ૩૩૭૦ |
| તલ કાશ્મીરી | ૩૪૭૫ | ૩૫૫૫ |
| બાજરો | ૪૫૯ | ૪૮૬ |
| જુવાર | ૪૯૬ | ૮૪૫ |
| ઘઉં ટુકડા | ૪૭૭ | ૫૮૦ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૮૪ |
| મગ | ૧૫૩૦ | ૧૬૩૧ |
| ચણા | ૯૪૦ | ૧૩૩૫ |
| કપાસ | ૮૦૦ | ૧૫૮૪ |
| એરંડા | ૧૧૨૩ | ૧૧૨૩ |
| જીરું | ૩૫૯૦ | ૪૮૫૦ |
| ધાણા | ૮૭૫ | ૧૩૨૬ |
| સોયાબીન | ૭૫૦ | ૮૪૮ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૧૦ | ૫૨૦ |
| રીંગણાં | ૪૦ | ૧૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૬૦૦ | ૭૦૦ |
| ટામેટા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ગાજર | ૪૦૦ | ૫૦૦ |
| દૂધી | ૮૦ | ૧૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| કાકડી | ૧૫૦ | ૨૫૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ચોળા લીલાં | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૮૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફુદીનો | ૮૦૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૫૦૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૮૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૫૨૦ |
| લસણ સૂકું | ૨૦૦૦ | ૩૨૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૮૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૫૫ |
| મગફળી જીણી | ૧૧૫૧ | ૧૨૨૧ |
| શિંગ દાણા | ૧૪૦૫ | ૧૪૦૫ |
| તલ | ૨૧૫૦ | ૨૫૫૮ |
| તલ કાળા | ૨૭૦૦ | ૩૧૨૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૭૫૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૫૧ |
| ઘઉં ટુકડા | ૫૨૩ | ૫૮૬ |
| બાજરો | ૩૮૫ | ૪૯૯ |
| જુવાર | ૪૮૫ | ૮૦૦ |
| મગ | ૧૫૧૧ | ૧૫૧૧ |
| ચણા | ૧૦૮૭ | ૧૨૪૧ |
| તુવેર | ૨૦૯૨ | ૨૦૯૨ |
| એરંડી | ૧૦૦૦ | ૧૧૬૨ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૯૦૦ | ૧૫૩૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૫૧ |
| ચણા | ૮૦૦ | ૧૨૯૫ |
| મગફળી | ૮૦૦ | ૧૧૪૦ |
| શિંગ દાણા | ૧૪૦૦ | ૧૬૯૫ |
| શિંગ ફાડા | ૧૩૦૦ | ૧૪૨૫ |
| તલ | ૧૫૦૦ | ૨૪૪૫ |
| મેથી | ૮૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૧ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૩૪૯ | ૧૫૭૧ |
| મગફળી | ૧૦૮૫ | ૧૧૩૫ |
| જીરૂ | ૪૮૦૫ | ૫૧૨૫ |
| તલ સફેદ | ૨૨૮૫ | ૨૩૨૫ |
| **ધારી** | | |
| ઘઉં | ૪૨૫ | ૫૩૫ |
| ચણા | ૧૧૩૯ | ૧૧૩૯ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૩૨૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૨૫ |
| **ગોંડલ** | | |
| ઘઉં | ૫૩૦ | ૬૦૨ |
| ઘઉં ટુકડા | ૫૧૪ | ૬૦૬ |
| કપાસ | ૧૦૬૧ | ૧૫૨૬ |
| મગફળી જીણી | ૯૦૧ | ૧૨૫૬ |
| મગફળી જાડી | ૮૫૧ | ૧૩૨૬ |
| મગફળી નવી | ૮૧૧ | ૧૨૩૧ |
| સીંગદાણા | ૧૪૪૧ | ૧૭૫૧ |
| શીંગ ફાડા | ૧૧૫૧ | ૧૪૨૧ |
| એરંડા | ૧૧૪૬ | ૧૧૫૬ |
| તલ | ૧૭૫૧ | ૧૮૫૧ |
| જીરૂ | ૩૬૦૧ | ૫૦૯૧ |
| કલંજી | ૨૧૬૧ | ૩૫૨૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૫૫૧ |
| ધાણી | ૧૧૦૦ | ૧૫૨૬ |
| લસણ | ૧૧૯૧ | ૩૨૬૧ |
| ડુંગળી | ૧૦૧ | ૫૫૧ |
| બાજરો | ૩૮૧ | ૪૮૧ |
| જુવાર | ૮૦૧ | ૯૧૧ |
| મકાઈ | ૪૯૧ | ૫૨૧ |
| મગ | ૧૫૩૧ | ૧૮૫૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૩૧૬ |
| વાલ | ૫૧૧ | ૧૯૨૬ |
| વાલ પાપડી | ૫૧૧ | ૧૯૨૬ |
| અડદ | ૧૮૫૧ | ૧૮૭૧ |
| ચોળા/ચોળી | ૧૭૦૦ | ૨૧૦૧ |
| મઠ | ૭૦૦ | ૭૦૦ |
| તુવેર | ૧૩૨૧ | ૨૨૬૧ |
| સોયાબીન | ૭૫૦ | ૮૫૬ |
| રાયડો | ૯૫૧ | ૯૯૧ |
| રાઈ | ૧૦૫૧ | ૧૧૫૧ |
| મેથી | ૮૫૧ | ૧૧૫૧ |
| સુવા | ૧૮૨૬ | ૧૮૨૬ |
| ગોગળી | ૬૭૬ | ૮૨૧ |
| ચણા સફેદ | ૧૩૦૧ | ૨૫૭૬ |
| **રાજુલા** | | |
| કપાસ | ૧૧૬૦ | ૧૫૫૧ |
| મગફળી | ૧૦૭૫ | ૧૦૯૦ |
| તલ | ૨૩૦૧ | ૨૩૦૧ |
| તલ કાળા | ૨૭૮૦ | ૨૭૮૦ |
| બાજરો | ૩૮૦ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૮૫ | ૫૭૦ |
| જુવાર | ૪૭૧ | ૭૬૬ |
| મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૯૦૨ | ૧૨૪૦ |
| જીરૂ | ૪૫૧૬ | ૫૨૦૧ |
| શીંગદાણા | ૧૦૫૦ | ૧૬૦૬ |
| ધાણા | ૧૦૭૫ | ૧૦૭૫ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૫૧ | ૧૫૩૦ |
| ચણા | ૧૨૧૦ | ૧૨૧૦ |
| જુવાર સફેદ | ૭૨૬ | ૭૭૬ |
| તલ સફેદ | ૨૫૬૦ | ૨૫૬૦ |
| રાય | ૯૦૦ | ૯૦૦ |
| જીરૂ | ૪૯૫૦ | ૪૯૫૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૩૯૦ |
| ચણા | ૧૦૯૦ | ૧૧૬૦ |
| શીંગ ફાડા | ૧૩૪૫ | ૧૩૪૫ |
| ઘઉં લોકવન | ૫૧૦ | ૫૧૨ |
| સોયાબીન | ૭૭૦ | ૮૦૯ |
| તલ સફેદ | ૨૩૭૦ | ૨૩૭૦ |
| શીંગદાણા | ૧૫૩૫ | ૧૫૪૦ |
| મેથી | ૮૦૦ | ૮૦૦ |
| મગ | ૧૨૬૫ | ૧૫૪૦ |
| **મહુવા** | | |
| જુવાર | ૪૫૧ | ૯૧૮ |
| બાજરી | ૪૪૨ | ૫૨૦ |
| ઘઉં ટુકડા | ૪૦૧ | ૬૦૧ |
| અડદ | ૧૬૭૦ | ૨૨૪૮ |
| મગ | ૧૧૦૧ | ૧૮૯૦ |
| મેથી | ૭૨૫ | ૭૨૫ |
| સોયાબીન | ૭૯૧ | ૮૩૯ |
| ચણા | ૯૭૫ | ૧૨૩૨ |
| તુવેર | ૧૭૦૧ | ૧૯૨૫ |
| તલ સફેદ | ૨૧૭૨ | ૨૪૯૦ |
| ડુંગળી લાલ | ૧૨૧ | ૫૬૬ |
| ડુંગળી સફેદ | ૧૬૦ | ૩૨૮ |
| નાળીયેર | ૪૪૧ | ૧૩૭૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૮૦ | ૧૩૩૮ |
| મગફળી ૩૨ નં. | ૧૧૦૦ | ૧૨૬૫ |
| બાજરી | ૩૭૦ | ૪૯૮ |
| ઘઉ | ૪૮૫ | ૫૮૦ |
| સફેદ તલ | ૨૨૦૦ | ૨૫૨૬ |
| કાળા તલ | ૨૬૦૦ | ૩૨૩૮ |
| સોયાબીન | ૮૧૫ | ૮૭૫ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૧૮૧૯ |
| જુવાર | ૬૦૦ | ૭૯૮ |
| અડદ | ૧૫૦૦ | ૧૯૭૦ |
| મગ | ૧૪૦૦ | ૧૭૫૨ |
| ચણા | ૧૦૭૦ | ૧૨૩૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૪૫ |
| **જામનગર** | | |
| કપાસ | ૭૨૦ | ૧૪૭૫ |
| જુવાર | ૬૦૦ | ૭૭૫ |
| ઘઉં | ૪૮૦ | ૫૫૮ |
| મગ | ૧૫૦૦ | ૧૬૩૦ |
| તુવેર | ૧૫૦૦ | ૧૯૦૦ |
| ચોળી | ૮૦૦ | ૧૧૯૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૩૦૮ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૦૫૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૧૭૮ |
| તલ | ૨૩૦૦ | ૨૪૩૦ |
| રાયડો | ૯૦૦ | ૯૬૮ |
| લસણ | ૭૦૦ | ૩૦૬૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૯૨૫ |
| અજમો | ૧૭૪૦ | ૨૮૨૦ |
| ધાણા | ૭૦૦ | ૧૩૩૧ |
| સીંગદાણા | ૧૩૬૦ | ૧૬૮૦ |



"છપ્પન ઈંચ" : - જીવીની સમજદારી

# કારગિલ વિજયનાં ૨૫ વર્ષ : જીત પણ, અફસોસ પણ



કારગિલ વિજયને ૨૫ વર્ષ થઈ જશે.

૨૬ જુલાઈ, ૧૯૯૯ના રોજ ભારતીય લશ્કરના જવાનોએ આતંકવાદીઓની આડમાં ઘૂસેલા પાકિસ્તાની લશ્કરના સૈનિકોને ભારતીય સીમામાંથી સંપૂર્ણપણે ખદેડીને ફરી કારગિલમાં ભારતનો ઝંડો લહેરાવ્યો એ ઘટનાને બે દિવસ પછી ૨૫ વર્ષ પૂરાં થશે. ૩ મે ૧૯૯૯ના રોજ શરૂ થયેલા કારગિલ યુધ્ધમાં પાકિસ્તાન સામે ભારતીય લશ્કરે ઓપરેશન વિજય શરૂ કર્યું હતું. ૨૬ જુલાઈએ અટલ બિહારી વાજપેયીએ ઓપરેશન વિજયને સફળ જાહેર કરીને ભારતે સમગ્ર કારગિલ પર ફરી કબજો કર્યો હોવાનું એલાન કર્યું હતું. પાકિસ્તાને ભારતના વિસ્તારમાં ઘૂસીને કારગિલ સહિતનો ઘણો વિસ્તાર પચાવી પાડ્યો હતો. લગભગ પોણા ત્રણ મહિના લાંબા યુધ્ધના અંતે ભારતે પોતાનો તમામ વિસ્તાર પાછો મેળવ્યો અને પાકિસ્તાનને ફરી એક વાર કારમી હાર આપીને પોતાની તાકાત પુરવાર કરી હતી. કારગિલ યુધ્ધમાં હરાવીને ભારતે પાકિસ્તાનને ૧૯૪૭, ૧૯૬૫ અને ૧૯૭૧ પછી ચોથી વાર હાર આપી હતી. ભારત સામે અગાઉ ત્રણ વાર હારી ચૂકેલા પાકિસ્તાનમાં ફરી હારીને નાલેશી વહોરવાની તાકાત નહોતી તેથી આ યુધ્ધ પાકિસ્તાન સીધું નહોતું લડ્યું. પાકિસ્તાને આતંકવાદીઓની આડમાં કારગિલમાં હુમલો કર્યો પણ આ વખતે પણ પાકિસ્તાન ભારતને હરાવી ના શક્યું ને બેઆબરૂ થઈને ભાગવું પડ્યું. ભારતના જાંબાઝ સૈનિકોએ ઓપરેશન વિજય હાથ ધરીને કારિગલમાં ઘૂસેલા પાકિસ્તાનીઓને ખદેડી મૂક્યા અને ફરી ભારતનો ધ્વજ ફરકાવ્યો. પાકિસ્તાને ૧૯૯૯માં ફરી પછડાટ ખાધી અને ફરી નાલેશી વહોરી. કારગિલ યુધ્ધ જનરલ પરવેઝ મુશર્રફના માનસની પેદાશ હતી. જનરલ મુશર્રફની ભારતને હરાવીને કાશ્મીર પર કબજો કરવાની વરસો જૂની મહત્વાકાંક્ષા હતી. આ મહત્વાકાંક્ષાને પાર પાડવા પરવેઝ મુશર્રફે લાંબી યોજનાને અંતે કારગિલ પર કબજો કરવાનું કાવતરું ઘડી કાઢ્યું હતું. પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીરના સ્કારડુથી ૧૭૩ કિલોમીટર દૂર આવેલું કારગિલ શ્રીનગરથી ૨૦૫ કિલોમીટર દૂર આવેલું છે. વ્યૂહાત્મક રીતે મહત્વના કારગિલ પર કબજો થાય તો કાશ્મીર ખીણ અને લેહ-લદાખ પર પણ આસાનીથી કબજો કરી શકાય તેથી પરવેઝ મુશર્રફ કારગિલ પર કબજો કરવાના સપનાં વરસોથી જોતા હતા. આઝાદી પછી તરત પાકિસ્તાને પહેલી વાર કાશ્મીર પર હુમલો કર્યો ત્યારે પણ પાકિસ્તાને જોઝીલા પાસ પર કબજો મેળવવાનો પ્રયાસ કર્યો હતો. ૧૯૪૭માં પણ કારગિલમાં યુદ્ધ થયું હતું પણ ભારતીય સેનાએ પાકિસ્તાની લશ્કરને ભગાડીને કબજો કરી દીધેલો.

પરવેઝ મુશર્રફ એ ભૂલ ફરી ના થાય એટલે પૂરી તૈયારી કરીને આવ્યા હતા.

■■■

મુશર્રફે કારગિલ પર હુમલાને ઓપરેશન બદ્ર નામ આપેલું.

ઓપરેશન બદ્ર હેઠળ પાકિસ્તાની લશ્કર સતત તોપમારો કરીને કવર આપતું તેનો લાભ લઈને કાશ્મીરી આતંકવાદીઓના રૂપમાં હજારો પાકિસ્તાની સૈનિકો ભારતના વિસ્તારમાં ઘૂસી ગયા હતા. ભારતને તેની ખબર નહોતી પણ ભારતના કેટલાક ભરવાડ ઘેટાં ચરાવવા ગયેલા ને તેમણે શંકાસ્પદ હિલચાલ જોઈને ભારતીય લશ્કરને જાણ કરી. એક બૌધ્ધ સાધુએ પણ ભારતીય લશ્કરને પાકિસ્તાની સૈનિકોની હિલચાલની જાણ કરતાં જ ભારતીય લશ્કર હરકતમાં આવ્યું. ભારતને ૩ મેના રોજ જાણ થઈ તેના બે દિવસ પછી ભારતીય લશ્કરે ૫ મેના રોજ કારગિલના અંદરના વિસ્તારોમાં પોતાની પેટ્રોલ ટુકડીઓને મોકલી. પાકિસ્તાની સૈનિકોએ ભારતીય લશ્કર હુમલો કરીને પાંચ સૈનિકોને પકડી લીધા. તેમની ક્રૂરતાથી હત્યા કરી. તેમના અંગો કાપી નખાયેલા, વિકૃતિની ચરમસીમા વટાવીને અત્યાચારો કરાયેલા.

ભારતીય લશ્કરે તરત જ વળતો હુમલો કરીને પાકિસ્તાની સૈનિકોને સાફ કરવા ઓપરેશન હાથ ધર્યુ એટલે પાકિસ્તાને બીજો મોરચો ખોલી નાખ્યો. પાકિસ્તાને ૯ મેના રોજ સરહદે જોરદાર તોપમારો શરૂ કરીને ભારતના શસ્ત્રાગારને ભારે નુકસાન પહોંચાડ્યું. ભારતને પાકિસ્તાનની ચાલ સમજાઈ ગઈ કે, પાકિસ્તાન ભારતને બે મોરચે ભિડાવીને જીતવા માગે છે. પાકિસ્તાનના કારસાને નિષ્ફળ બનાવવા માટે આપણા લશ્કરે પણ પૂરી તાકાત કામે લગાડી દીધી. દરમિયાનમાં ૧૦ મેના રોજ ભારતીય ગુપ્તચર તંત્રે માહિતી આપી કે, પાકિસ્તાની લશ્કરે કારગિલ ઉપરાંત દ્રાસ, કાકસર અને મુશકોહ ક્ષેત્રમાં પણ ઘૂસણખોરી કરીને આ વિસ્તારની ચોકીઓ પર કબજો કરી લીધો છે. ભારતીય લશ્કરની ટુકડીઓને તાત્કાલિક કાશ્મીર ખીણમાંથી કારગિલ ક્ષેત્રમાં ખસેડવા માંડી. આ કામગીરી પૂરી થતાં જ ભારતે પાકિસ્તાની લશ્કરને ખદેડવા ૨૬ મેના રોજ એરફોર્સને મેદાનમાં ઉતારીને હવાઈ હુમલા શરૂ કર્યા. પાકિસ્તાને વળતો વાર કરીને ભારતના બે યુધ્ધ વિમાનોનો નાશ કર્યો. એરફોર્સના ફ્લાઈટ લેફ્ટનન્ટ નચિકેતાને પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીરમાં ઉતરવાની ફરજ પડતાં તેમને કેદ કરાયા. ૨૮ મેના રોજ પાકિસ્તાને ભારતના વધુ એક વિમાનને તોડી પાડ્યું કે જેમાં ચાર જવાનો શહીદ થયા.


## બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

પાકિસ્તાને ૧ જૂનથી ઉરીથી લેહને જોડતા નેશલન હાઈવે નંબર ૧ એ પર બોમ્બમારો શરૂ કરીને ભારતીય લશ્કરની કારગિલની સપ્લાય લાઈન કાપી નાખવા હુમલો શરૂ કર્યો. વળતો જવાબ આપીને ભારતે પૂરી તાકાતથી આક્રમણ કરીને ૨ જૂનના રોજ ત્રણ પાકિસ્તાની સૈનિકોને કારગિલમાંથી ઝડપ્યા. તેમની પાસેથી બધી વિગતો ઓકાવીને પાકિસ્તાની લશ્કરની સંડોવણી જાહેર કરી.

૬ જૂનના રોજ ભારતે પૂરી તાકાતથી હુમલો કરી દીધો.

■■■

ઓપરેશન વિજય માટે ભારતે બે લાખ સૈનિકોને મેદાનમાં ઉતાર્યા હતા.

પાકિસ્તાની લશ્કરે ઉંચાઈ પર આવેલી ટેકરીઓ પર કબજો કરેલો. શ્રીનગરથી લેહ જતા નેશનલ હાઈવે ૧ ડી પર સીધી નજર રાખી શકાય એ રીતે પાકિસ્તાની સૈનિકો ગોઠવાઈ ગયેલા. પાકિસ્તાનનો ઈરાદો આખા કાશ્મીર પર કબજો કરવાનો હતો. હાઈવે પર ભારતીય સૈનિકો આવે કે તરત તેમને ખતમ કરવાની પાકિસ્તાનની યોજના હતી તેથી એરફોર્સે ઓપરેશન સફેદ સાગર શરૂ કરીને ભારતીય સૈનિકોને સીધા પર્વતો પર ઉતારવા માંડ્યા. પાકિસ્તાની નેવી અચાનક હુમલો ના કરી બેસે એટલે નેવીને પણ તૈયાર કરાયું.

ભારતીય લશ્કરે એ પછી પૂરી વ્યૂહરચના સાથે ત્રાટકીને ૧૩ જૂનના રોજ દ્રાસ સેક્ટરમાં ટોલોંઈંગ પર કબજો કર્યો. ૨૯ જૂને ભારતે ટાઈગર હિલ પાસેથી બે મહત્વની ચોકીઓ પોઈન્ટ ૫૦૬૦ અને પોઈન્ટ ૫૧૦૦ પર કબજો કર્યો. ૨ જુલાઈએ ભારતે કારગિલમાં ત્રિપાંખિયો હુમલો કરી દીધો. પાકિસ્તાને ટાઈગર હિલ કબજે કરીને મોટા પ્રમાણમાં સૈનિકો ખડકેલા તેથી ટાઈગર હિલ માટે જોરદાર જંગ થયો પણ ૧૧ કલાકની લડાઈ બાદ ૪ જુલાઈએ વહેલી સવારે ભારતે ટાઈગર હિલ પર કબજો કરી લીધો. ટાઈગર હિલ જતાં પાકિસ્તાની સૈનિકો ભાગવા માંડ્યા. ૫ જુલાઈએ ભારતે દ્રાસ સેક્ટર પર કબજો કર્યો પછી પાકિસ્તાનના વડાપ્રધાન નવાઝ શરીફે પાકિસ્તાની લશ્કરને પાછું ખેંચવાની સત્તાવાર જાહેરાત કરી.

ભારતે ૭ જુલાઈએ બટાલિકમાં જુબાર ટેકરીને કબજે કરીને ૧૧ જુલાઈએ આખા બટાલિક સેક્ટર પર કબજો કર્યો. બાકી રહેલા વિસ્તારો પણ જલદી કબજે થતાં ૨૬ જુલાઈએ અટલ બિહારી વાજપેયીએ ઓપરેશન વિજયને સફળ જાહેર કરીને ભારતે સમગ્ર કારગિલ પર ફરી કબજો કર્યો હોવાનું એલાન કર્યું.

■■■

ભારત કારગિલ વિજયની ખુશીમાં દર વર્ષે ૨૬ જુલાઈએ ભારત વિજય દિવસ મનાવે છે.

કારગિલ વિજય દિવસે આખો દેશ કારગિલના યુદ્ધમાં શહીદ થયેલા ૫૭૨ જવાનોને નતમસ્તક થઈને શ્રધ્ધાંજલિ આપે છે. આ દિવસે શહીદોને આખો દેશ આદરપૂર્વક નમન કરે છે અને દેશ માટે તેમણે આપેલા બલિદાનને યાદ કરે છે. કારગિલ-દ્રાસ સેક્ટરમાં વિજય દિવસની ભવ્ય ઉજવણી થાય જ છે કેમ કે ભારતીય લશ્કરે કારગિલ-દ્રાસ સેક્ટરમાં અંતિમ લડાઈ લડીને પાકિસ્તાની લશ્કરને ખદેડેલું. દિલ્હીમાં પણ ઈન્ડિયા ગેટ ખાતે અમર જવાન જ્યોતિ પર શહીદોને શ્રધ્ધાંજલિ અપાય છે. પરંપરાગત રીતે વડાપ્રધાન પોતે અમર જવાન જ્યોતિ જાય છે અને શહીદોને શ્રધ્ધાંજલિ આપે છે અને ભારતના ઈતિહાસનું એક ગૌરવપૂર્ણ પ્રકરણ જીવંત થઈ જાય છે.

દેશના સૈનિકોએ દેશના ગૌરવને પાછું મેળવેલું એ જોતાં કારગિલ વિજયની ખુશીમાં વિજય દિવસ મનાવવો જ જોઈએ પણ સાથે સાથે આપણે ફરી ગુમાવેલી એક તક વિશે પણ વિચારવું પણ જોઈએ.કારગિલ યુધ્ધના કારણે ભારત માટે પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે), ગિલગિટ અને બાલ્ટિસ્તાન સહિતના આખા કાશ્મીર પર કબજો કરવાની સુવર્ણ તક આવી ગઈ હતી. કારગિલમાં પાકિસ્તાને આક્રમણ કર્યું હતું ને ભારતે તો સ્વરક્ષણ માટે ઓપરેશન વિજય હાથ ધરવું પડેલું, ભારત ઓપરેશન વિજયને થોડા દિવસ લંબાવીને ભારતનું લશ્કર પાકિસ્તાનને ખદેડતાં ખદેડતાં પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પીઓકે)માં ઘૂસીને તેના પર કબજો કરી લે એ સ્થિતિ સર્જવાની જરૂર હતી. ભારતીય લશ્કર એ માટે તૈયાર હતું પણ આપણા વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી એ હિંમત ના બતાવી શક્યા. પરિણામે ૧૯૪૭, ૧૯૬૫ અને ૧૯૭૧નું પુનરાવર્તન થયું. જવાહરલાલ નહેરૂ, લાલ બહાદુર શાસ્ત્રી અને ઈન્દિરા ગાંધીએ કરેલી ભૂલ દોહરાવીને વાજપેયીએ આખું કાશ્મીર કબજે કરવાની તક જવા દીધી.ભારત પાસે ૨૫ વર્ષ પહેલાં જ આખું કાશ્મીર આવી ગયું હોત તો સ્થિતિ બિલકુલ અલગ હોત. પાકિસ્તાનને તેનાં કુકર્મોનો જવાબ તો મળી જ ગયો હોત પણ ભારત કાશ્મીરમાં નવો ઈતિહાસ રચી શક્યું હોત. અત્યારે કાશ્મીરમાં આતંકવાદ સહિતની જે પણ સમસ્યાઓ છે એ સમસ્યાઓ પણ કદાચ ના હોત. પાકિસ્તાન પાસે પીઓકે ના રહ્યું હોત તો એ પણ બે પગ વચ્ચે પૂંછડી દબાવીને બેસી ગયું હોત. કમનસીબે વાજપેયી સરકાર પીઓકે પાછું ના લઈ શકી ને એક અફસોસ રહી ગયો. ■

sanjogpurti@gmail.com

# પરાક્રમ કે કુકર્મો?



પ્રાચીન ભારતથી લઈને મધ્યકાલીન ભારત સુધીની વાત કરીએ તો 'સોનાની ચીડિયા' તરીકે ઓળખાતા ભારતની ભવ્ય સંસ્કૃતિ, સમૃદ્ધિ, જ્ઞાન વિદેશીઓને હંમેશા આકર્ષતું રહ્યું. વેદ તથા બૌદ્ધ ધર્મના પ્રચાર પછી વિદેશીઓ અહીં અધ્યાત્મ, તત્વજ્ઞાન અને ગુરુની ખોજમાં, કલારસિક વિદેશીઓ નૃત્ય અને સંગીતની સમૃદ્ધ વિદ્યાઓ શીખવા અને સાહસિક વેપારીઓ અહીંના મસાલા અને તેજાનાથી ભરપૂર પ્રદેશમાં વેપાર અર્થે આવી ચડતા. ભારતમાં વેપાર કરવો એ પ્રતિષ્ઠાની વાત ગણાતી એટલે આ વેપારીઓને વેપાર કરવાનું ફંડ તેમના સામ્રાજ્ય તરફથી પૂરું પાડવામાં આવતું. મસાલા/તેજાના વ્યવસાય માટે કેરાલા ભારતનું ગેટવે હતું. આમ, ભારતનો વૈભવ, ઐશ્વર્ય, સમૃદ્ધિ અને ભૌગોલિક સ્ત્રોતોને કારણે ભારતની સમૃદ્ધિની યશગાથા દેશ-વિદેશ દૂર સુદૂરના પ્રદેશો સુધી ફેલાયેલી હતી, વિદેશીઓ માટે ભારત હંમેશા આકર્ષણનું કેન્દ્ર રહ્યું તો ભારતની સૌહાર્દપૂર્ણ, સમૃદ્ધ સંસ્કૃતિને કારણે કેટલાય વિદેશી આક્રાંતાઓને ભારતને લૂંટી લેવા અને ભારત પર સામ્રાજ્ય સ્થાપવાની લાલચ જાગી. ખાનાબદોશ ઈસ્લામિક આક્રાંતાઓએ ક્રૂર અને બર્બર હુમલાઓ કરીને ભારતના અનેક પ્રદેશો પર પોતાનો કબજો જમાવી દીધો. એટલું જ નહીં, તેમણે ભારતના આધ્યાત્મિક જ્ઞાન, વિવિધ કલા, વાસ્તુકલા, સાહિત્ય તમામે તમામ સાંસ્કૃતિક બાબતને નુકસાન પહોચાડ્યું. તેના કારણે આખું ય ભારત ધ્રુજી ઉઠ્યું. લૂંટ કરવાના ઈરાદાએ આવેલા આક્રાંતાઓએ દાયકાઓ સુધી આપણા પર શાસન કર્યું. ઈસ્લામિક અને મોગલ આક્રાંતાઓના શાસનકાળ દરમ્યાન ભારતમાં અનેક સંપ્રદાયના લોકો તેમના અત્યાચાર અને જુલ્મનો ભોગ બન્યા પરંતુ...

રામચંદ્ર ગુહા, રોમિલા થાપરો જેવા વામપંથી ઈતિહાસકારો દ્વારા ઈતિહાસમાં આવા કેટલાક મોગલોને કલંકિત કરે એવા પાનાઓ ફાડી નાખ્યા છે. કેટલીક વિગતોને તોડી મરોડીને રજૂ કરાઈ. પાઠ્યપુસ્તકની વાત કરું તો જે તે રાજ્યની સાંસ્કૃતિક, ઐતિહાસિક બાબતોને ઈતિહાસના પુસ્તકોમાં સાવ અછડતો ઉલ્લેખ કરીને મોગલોને મહાન અને ભવ્ય ચિતરતાં અનેક પ્રકરણો પાઠયપુસ્તકનો હિસ્સો બની રહ્યા. વિદ્યાર્થીઓને આખીયે મોગલ વંશાવળી એની તારીખ, તવારીખ અને પરાક્રમો(કુકર્મ !) અડધી રાત્રે ઊંઘમાંથી ઉઠાડીને પૂછો તો ય યાદ હશે પણ શિવાજી કે બાજીરાવ કે મહારાણા પ્રતાપના નામ સિવાય વધુ કઈ જાણતા હોય તો ખુશીની વાત છે. આમ, ખોટો ઈતિહાસ ભણાવી ભણાવી ભારતીયોની માનસિકતા ગુલામ જેવી જ બનાવી રાખીને નફરતના ઝેર સતત પીવરાવવામાં આવ્યા છે. ખમીરવંતી, તેજસ્વી, હિંમતવાન ભારતીય પ્રજાને નમાલી બનાવવામાં આવી છે. આપણા ઈતિહાસના પુસ્તકો આપણને એ જ શીખવે છે કે મોગલયુગ એ ભારતનો સુવર્ણયુગ હતો. આ સમયે ભારતીય વ્યાપાર, પ્રતિ વ્યક્તિદીઠ આવક અને ઔદ્યોગિક વિકાસ ખૂબ જ ફૂલ્યો-ફાલ્યો હતો, ભારત પ્રમુખ નિકાસકાર બન્યો. મુગલ સમ્રાટો ધર્મનિરપેક્ષ, શાંતિપ્રિય અને પ્રજાવત્સલ હતા. શાસન અને જનતા વચ્ચે ધાર્મિક સદભાવ હતો. વગેરે વગેરે... આ બધી બયાનબાજી કરનાર બ્રિટિશ અને વામપંથી ઈતિહાસકારોએ (બ્રિટીશ-રાજ આવ્યા બાદ ભારતનો ઈતિહાસ નવેસરથી, મારીમચડીને લખવાની જાણે કે પ્રથા જ શરૂ થઈ હતી.) મોગલોના આવ્યા પહેલાના, મધ્યકાલીન ભારતની સમૃદ્ધિ વિશે ઉલ્લેખનીય નોંધ લીધી નથી કે નથી હિન્દુ વંશાવળીઓના મહાન રાજાઓના પરાક્રમો વિશે. બીજી સદી B.C.થી લઈને ૧૨૦૦ A.D. સુધીનો યુગ ભારતના ઈતિહાસનો સુવર્ણયુગ હતો. શિક્ષા, વ્યાપાર, કૃષિ, સાહિત્ય અને વાસ્તુકલા ક્ષેત્રે ભારત ઉચ્ચ સ્થાન પર બિરાજતો હતો. રુગ્ણાલયો, વિશ્વવિદ્યાલયો, સાંસ્કૃતિક કેન્દ્રો, ધર્મક્ષેત્રો, વિહારો, સુવ્યવસ્થિત નગરવ્યવસ્થાથી સજ્જ શહેરો હતા. શુંગ, સતવાહન, ગુપ્ત, પલ્લવ, ચૌલ, ચાલુક્ય, રાષ્ટ્રકૂટ વગેરે રાજવંશો ભારતના ઈતિહાસના સુવર્ણ પાનાઓ સમાન હતા. પરંતુ કોંગ્રેસ પ્રેરિત વામપંથી ઈતિહાસકારોએ ભારતીય જનતા સાથે, ફક્ત મોગલોનું જ મહિમાગાન કરીને હિંદુ રાજાઓને માન્યતા ન આપવાની મેલી રમત રમી છે. તાજમહલ અને જામા મસ્જિદને ઈન્ડો-ઈસ્લામિક શૈલીના ઉત્કૃષ્ટ ઉદાહરણ તરીકે ઓળખાવતા ઈતિહાસકારો એ ભૂલી જાય છે કે મોગલ સમ્રાટોએ અનેક ભવ્ય હિન્દુ મંદિરો, ભવ્ય ઈમારતોને ધ્વસ્ત કર્યા હતા. ભારત તેમજ વિશ્વભરમાંથી બૌદ્ધ ધર્મને ખતમ કરી નાખવાનું કાળું કામ પણ આ લોકોએ જ કર્યું છે....

## ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

મોગલયુગ ઈતિહાસકારો વર્ણવે છે તેવો સુવર્ણમંડિત કે પરીકથાઓ જેવો સુંદર ન હતો પરંતુ તેમના સામ્રાજ્યમાં હિંદુ, શીખ, જૈન અને બૌદ્ધ.. તમામે તમામનું સતત ઉત્પીડન થયું હતું. ■

naranbaraiya277@gmail.com

# પદ્મશ્રી દેવેન્દ્રભાઇ પટેલનું સર્વોત્તમ પુસ્તક 'અનુભૂતિ'




ગુજરાતના પનોતા પુત્ર અને પદ્મશ્રી દેવેન્દ્રભાઈ પટેલ પત્રકારત્વ ક્ષેત્રે આગવું વ્યક્તિત્વ ધરાવે છે. ૮૦ વર્ષથી વધારે ઉંમર થઈ તેમ છતાં વાચક વર્ગને નિયમિત રીતે સંદેશ વર્તમાનપત્રમાં વાચકને વિચારતા કરી દે અને વાંચવા માટે પ્રેરણા આપે તેવું ઉત્તમ અને સચોટ લેખન કરનારા અમારા ગુરુ પૂજ્ય દેવેન્દ્રભાઈ પટેલનું નવું પુસ્તક "અનુભૂતિ" પ્રકાશિત થઈ ચૂક્યું છે. પૂજ્ય દાદાએ ઉંમર કરતાં પણ ઘણા બધા પુસ્તકો લખ્યા છે. સતત સરસ્વતીની સાધના કરનાર સાધક પૂજ્ય દેવેન્દ્રભાઈ પટેલ પત્રકારત્વની દિશામાં સતત સમાજને નવું આપી રહ્યા છે.

વર્ષો સુધી તપસ્યા કરીને મહાન રાજકારણી, ફિલ્મ અભિનેતાઓ, દેશ વિદેશના પ્રવાસો, વડાપ્રધાનો વગેરેના સાથે ઈન્ટરવ્યૂ અને તેમની કામગીરી તેમજ અનુભવો 'અનુભૂતિ' પુસ્તકમાં અદ્ભુત રીતે આલેખ્યા છે. જે વાચક વર્ગને વાંચવા માટે પ્રેરણા આપશે. પદ્મશ્રી દેવેન્દ્રભાઈ પટેલના વક્તવ્ય અને પત્રકારત્વની નોંધ માત્ર ગુજરાત પૂરતી જ નહીં ભારતભરમાં લેવાય છે. તેમના પ્રવાસો તેમજ રાજકીય વ્યક્તિઓ સાથેના અનુભવો સ્પષ્ટ રીતે તેમની કલમ દ્વારા વાચક વર્ગ સુધી પહોંચાડે છે. તે તેમની આગવી શૈલી છે. સમયની સાથે ચાલવું અને સમયસર કામ કરવું તે તેમનો સિદ્ધાંત રહ્યો છે. તેઓ ટી.વી.ની ડિબેટ હોય કે રાષ્ટ્રીય પર્વ અથવા તો પત્રકારત્વના વિશે ઈન્ટરવ્યૂ આપવાનું હોય ત્યારે સંપૂર્ણ તૈયારી સાથે દશ્ય અને શ્રાવ્યથી જોનાર જનતાને સચોટ માહિતી આપતું વ્યક્તિત્વ એટલે પદ્મશ્રી દેવેન્દ્ર પટેલદાદા.

આદરણીય દેવેન્દ્રભાઈ પટેલનું આ નવું જ પુસ્તક "અનુભૂતિ" હવે નવભારત સાહિત્ય મંદિરથી ઉપલબ્ધ થઈ શકશે. આ પુસ્તકમાં તેમણે બ્રિટન, ફ્રાન્સ , જર્મની , ઈટાલી , સ્વિટ્ઝર્લેન્ડ, ઈઝરાયલ, નેધરલેન્ડ, બલ્ગેરિયા, થાઈલેન્ડ અને અમેરિકાના પ્રવાસ વખતના સંસ્મરણો ઉપરાંત પૂર્વ વડાપ્રધાનો-ઈન્દિરાગાંધી, રાજીવ ગાંધી, મોરારજી દેસાઈ, અટલ બિહારી વાજપેયી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે કરેલા પ્રવાસો અને અનુભવોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત દેવાનંદ, મોહમ્મદ રફી, કિશોરકુમાર, રાજકુમાર, અમિતાભ બચ્ચન, દલાઈ લામા સાથેના અનુભવોનો પણ આ પુસ્તકમાં સમાવેશ કર્યો છે.


## સામાજિક અને શૈક્ષણિક
વિપુલ.ડી. પટેલ
(રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)

શ્રી દેવેન્દ્ર દાદાનું આ પુસ્તક આપને વિશ્વની સફર કરાવશે. લોખંડી મહિલા ઈન્દિરા ગાંધીથી માંડીને હાલના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશે શ્રેષ્ઠ આલેખન કર્યું છે. 'અનુભૂતિ' પુસ્તકના વાંચન પછી પુનઃ વાંચવાની અભિલાષા થાય તેવું આ સર્વશ્રેષ્ઠ પુસ્તક છે. આ પુસ્તક દેશની બધી ભાષાઓમાં અનુવાદિત થાય તેવી વાચકોમાં માંગ વધી છે. આ પુસ્તકની વાચકે સમીક્ષા કરી છે. પુસ્તક પદ્મશ્રી દેવેન્દ્ર દાદાના ભગીરથ પુરુષાર્થનું નજરાણું છે. એક પુસ્તક મનુષ્યનું જીવન બદલી શકે છે. બાલ ગંગાધર તિલકે કહ્યું છે કે "મને નર્કમાં પુસ્તક મળે તો હું ત્યાં રહેવા તૈયાર છું". આ પુસ્તકોનો પ્રભાવ છે. એક પુસ્તક અંધકારને પ્રકાશ તરફ લઈ જાય છે. પુસ્તકનું નામ જ "અનુભૂતિ" છે. પૂજ્ય દેવેન્દ્ર દાદાના અંતરની ઉર્મિઓમાંથી ઉદ્ભવેલા શબ્દો એ જ તેમની સાધના છે. મારા વાચક વર્ગમાં આ પુસ્તક અવશ્ય વંચાય જ તેવી અભિલાષા રાખું છું. આ પુસ્તકના લેખક પૂજ્ય ગુરુજીને દંડવત કરું છું અને આનંદ સાથે રાજીપો વ્યક્ત કરું છું.

■ Mo.9825702282

# ખીચડી એક પ્રાચીન અને પૌષ્ટિક ખોરાક






વૈવિધ્ય
ડૉ. હેમાંગી ડી. મહેતા
એસોસિએટ "પ્રોફેસર ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી- ગાંધીનગર

સામાન્ય રીતે લોકો ચોખા સાથે મગની દાળ ભેળવીને ખીચડી બનાવે છે. પરંતુ મગની દાળને બદલે અન્ય અનેક પ્રકારની દાળ ચોખા સાથે ભેળવવામાં આવે છે. મગ, મસૂર,અડદ, ચણા, વટાણા, તુવેર વગેરે સર્વ પ્રકારની દાળની ખીચડી બનાવવામાં આવે છે. પરંતુ ચોખા બધામાં સામાન્ય છે. બે દાળ ભેગી કરવાથી ખીચડી બનતી નથી, ચોખા અને દાળને ભેગાં કરીને જ ખીચડી બનાવાય છે.

મગ, મઠ, અડદ વગેરેની દાળ અને ચોખા પહેલેથી જ ભેગા કરીને આંધણમાં ઓરવામાં આવે છે જ્યારે તુવેર, ચણા, વટાણા વગેરેને ચઢતા વાર લાગે છે તેથી તે પહેલાં ઓરવામાં આવે છે અને તે થોડા ચઢે પછી ચોખા ઓરવામાં આવે છે.

ખીચડી ત્રણ પ્રકારની બનાવવામાં આવે છે. ઢીલી, ઘટ્ટ અને દાણાદાર અથવા છુટ્ટી. જેવી બનાવવી હોય તેવા પ્રમાણમાં વધારે પાણીથી આંધણ મૂકવામાં આવે તો ઢીલી ખીચડી બને છે. સામાન્યથી ઓછા પાણીથી ઘાટી અને થોડા વધારે પાણીથી ઢીલી ખીચડી બને છે. ખીચડી પ્રમાણમાં શુષ્ક હોય છે તેથી ખીચડીમાં વધુ ઘી ખાવાનું પ્રચલન છે. ઘી ઓછું ખવાય તો ખીચડી ખાઈને તરસ વધારે લાગે છે.

ખીચડી સાથે દહીં, પાપડ, ઘી, આચાર ખાવાથી ખીચડી સ્વાદિષ્ટ લાગે છે. સ્વાસ્થ્ય સારૂ હોય ત્યારે તથા માંદગી હોય ત્યારે પણ સાદી ખીચડી પોષણ આપે છે. ખીચડી સ્વાદિષ્ટ અને સુપાચ્ય બંને હોય છે.

સાજા માણસો માટે મિક્સ વેજિટેબલ ખીચડી, તુવેરદાળની મસાલાવાળી ખીચડી લોકો વધુ બનાવતા હોય છે. ખીચડી સામાન્ય રીતે ચોખાની બનાવાય છે. પરંતુ તેની વિવિધતા અનુસાર દલિયાની એટલે કે ઘઉંના ફાડાની, બાજરીની, જુવારની, મકાઈની ખીચડી પણ બનાવાય છે. ઉપવાસમાં સાબુદાણાની, મોરૈયાની, સામાની ખીચડી બનાવાય છે. માંદા માણસો જેવા કે, વાત અને કફના રોગી માટે લવિંગના વઘારવાળી, પિત્તના રોગીને ધાણાના વઘારવાળી, મેદના રોગીને એલચી વાળી અને ભોજનમાં રૂચિ ન રહી હોય એવા માટે જીરાના વઘારવાળી ઢીલી ખીચડી જમવામાં સારી રહે છે. આમ, ખીચડી એક પૌષ્ટિક આહાર છે.

hemangidmehta@gmail.com




# જીવીની સમજદારી

પાયલ જોષી

રૂપલ બેટા આને તૈયાર કરી દે એટલે પીછો છૂટે. સાસુ કડકાઈ ભરેલા કડવા વેણ વેરી જતા રહ્યા. રૂપલે મુખ ઉપર અદમ્ય સૌમ્યતા ધારણ કરી મોંઘીને પોતાના ઓરડામાં લીધી.

શાંતાબેન અને પતિ રમણિકભાઈ મહેમાનોની આગતા સ્વાગતામાં લાગી ગયા. થોડીવારમાં ચા - નાસ્તાની ટ્રે સાથે રૂપલ સુંદર સાડીમાં સજ્જ મોંઘીને લઈને આવી.

મોંઘી જાણે એક રમકડાંની પૂતળી હોય એમ સાસુએ બેસવા ઈશારો કરતા જ મોંઘી સોફા પર બેસી ગઈ. મુરતીયાની નજર મોંઘી ઉપર ક્યારની મંડાયેલ હતી. રૂપલે વખાણ કર્યા એવી જ રૂપાળી છે હોં.' મુરતીયો મનોમન બબડયો.

રૂપલે મોંઘીને કોણી અડાડતા ઈશારો કરી મુરતીયા તરફ ધ્યાન કરવા કહ્યું. જેવી મોંઘીએ મુરતીયા તરફ નજર કરી, મુરતીયાના બારે ય કોઠે દીવા ઝળહળી ઊઠ્યાં.મોંઘીનું રૂપ જોઈને એ પાણી પાણી થઈ ગયો. મોંઘી સાથે વાત કરવાની ઈચ્છા વ્યક્ત કરતા જ શાંતાબેન મહેમાનોને લઈ બહાર આવ્યા.

મોંઘીને આ બધું એક નાટક જેવું લાગ્યું. જિંદગી પણ અજીબ ખેલ ખેલે છે. મુરતીયાએ મોંઘીને પૂછ્યું. " આ સંબંધ તમારી મરજીથી થઈ રહ્યો છે ને ? ત્યારે મોંઘીએ કહ્યું.. હા, એમાં બીજી મરજી શું હોય.!

મરજીવાને મોતીની તલાશ હોય એમ મને મીઠાં જળની. એક વખત તો મોઢે આવેલ કોળિયો છીનવાઈ ગયો. ફરી નવું શું થવાનું.જીવીના થોડાક વાક્યમાં ભારોભાર કરુણા હતી. મુરતીયાએ માત્ર એટલું જ કહ્યું. હું પ્રયત્ન કરીશ. મીઠું ઝરણું બનવાનો.મહેમાનો હા હોંકારો કરીને ગયા. વિદાય થાય એ પહેલા સાસુ સસરા અને દિયર -દેરાણીને મળવા મોંઘી વારાફરતી રૂમમાં બધાને શોધી વળી. પણ કોઈ દેખાતું નથી. છે વટે એક રૂમ પાસેથી પસાર થતા જ તેનાં પગ થંભી ગયા. મોટેથી શાંતાબેનનો આવાજ આવી રહ્યો હતો, "બલાને આખરે કાલ વિદાય આપીએ પછી જ છૂટકો. ત્યાં રૂપલ બોલી, "અરે મમ્મીજી ધીમે બોલો દિવાલને પણ કાન હોય. કાલ સુધી જાળવો, નહીં તો કર્યા ઉપર પાણી ફરશે." મનીષે રૂપલની પીઠ પર હાથ મુકતા કહ્યું "હા મોમ, ધીમે.. રૂપલ સાચું જ કહે છે. હજી ભાભી પાસે સહી કરાવવાની બાકી છે અને તો જ બધી મિલકત આપણાં નામે થશે ને. પછી બધી વાત કરીશું" અને બધાના અટ્ટહાસ્ય સાથે ભોંયતળિયું ગુંજી ઉઠ્યું.

મોંઘી સ્ટોર રૂમમાં આવી ધ્રુસકે ધ્રુસકે રડી પડી. 'આ બધું સુબોધની મિલકત માટે હતું? મારું નામ મોંઘી. પણ ! હું આટલી સસ્તી થઈ ગઈ?? મારી કિંમત માત્ર એક સહીની જ રહી ગઈ? એણે દિવાલો સાથે પોતાનાં હાથ પછાડી પછાડીને લોહીલુહાણ કરી દીધાં. મોંઘીએ કાંઈક નક્કી કરી લીધું. એણે જીવીને ફોન લગાડ્યો.

જીવી પણ માનવા માટે તૈયાર નથી. હવે..જીવીએ કેટલીક વાતો કરી.

મોંઘીએ આંસુ લૂછી નાખ્યા. એ ઉભી થઈ ગઈ.

હાથમાં મહેંદી તો નહોતી પણ જે હાથ પકડી સુબોધ આ ઘરમાં લાવ્યો હતો એ જ હાથ, જે હાથમાં પોતાના મહેનતની કમાણી મૂકી હતી એ જ હાથે હવે કાંઈક તો નક્કર કામ કરવું પડશે.

બન્ને હાથમાંથી લોહી વહી રહ્યું હતું. કયાંય સુધી એમને તાકી રહી.

આંખો ખુલી ત્યારે સુબોધની મિલકતના લાલચુ પરિવારજનો, મુરતીયો સુકુમારના પરિવારજનો પાસે ઉભા હતા. બંને હાથમાં પાટા હતા. લાલચુ પરિજનોના ચહેરા પર અજીબનો ફડકો હતો. જે મોંઘીએ સ્પષ્ટ જોયો પણ સુકુમારની આંખોમાં હજી પણ પહેલા જેવી નિર્મળતા જોઇ.

એકાદ મહિનામાં મોંઘીના હાથના ઘાવ રુઝાઈ ગયા. પણ મન ઉપર પડેલ ઘાવ હજુ તાજા જ હતા. રૂપલે સાસુને પૂછ્યું. "સુકુમાર હવે લગ્ન કરશે .?" બધાની દ્વિધા વચ્ચે સુકુમાર ઘરમાં દાખલ થયો. મોંઘી અને સુકુમારની નજરો મળી અને એમાં અનેક વાતો થઈ ગઈ. મોંઘી તૈયાર થવા લાગી. પોતાની સાથે માત્ર સુબોધનો ફોટો, થોડી યાદો લઈ મોંઘી હોલમાં આવી. બધા તેને જોઈ નવાઈ પામ્યા.

"છપ્પન ઈંચ"
કાળુભાઇ ભાડ

મોંઘીએ છેલ્લી નજર ઘર, પરિવાર પર નાખી. હવે આ ઘરમાં કંઈ બાકી રહ્યું ન હતું.

સુકુમાર સાથે ફટાફટ ઘર બહાર નીકળી ગઈ.

ઓઘડ અને જીવી બહાર તૈયાર જ હતા. એક મંદિરમાં જઈ બન્નેએ સાદાઈથી લગ્ન કર્યા. રૂપલ -મનીષે અભિનંદન આપી કહ્યું. "ભાભી, એક કાગળમાં સહી બાકી છે." મોંઘી એ જ કાગળની રાહમાં હતી. મોંઘીએ સુકુમાર સામે જોઈ લીધું અને કહ્યું. "લાવો કાગળ, કઈ સહી બાકી છે હવે ? સુબોધની પ્રોપ્ર્ટીની?" રૂપલ-મનીષ અવાચક બની એકબીજાની સામે જોઈ રહ્યા. છપ્પન ઈંચની જીગર ધરાવતી જીવીએ કહ્યું "મનીષભાઈ મોંઘીની સહી હવે એ કાગળ ઉપર કોઈ કામની નથી. મોંઘીએ અર્ધી પ્રોપર્ટી અનાથ આશ્રમમાં અને વૃદ્ધાશ્રમમાં દાનમાં આપી દીધી છે." શાંતાબેને પહોળી આંખો કરી લાલચુ મોંએ જોઈ રહ્યા. મોંઘીએ કહ્યું. મા-બાપુજી કદાચ તમારે વૃદ્ધાશ્રમ જવાનું થાય તો તમારા દીકરાનું જ ઘર સમજજો.

ખારા જળમાં ઉછરેલી, વર્ષો સુધી કઠણાઈમાં જીવેલી મોંઘી સુકુમાર સાથે મીઠાં જળની વાટે નીકળી પડી.

મૂળ વાર્તાઃ- પાયલ જોષી, અમરેલી.

રી રાઈટ :- કાળુભાઈ ભાડ, અમરેલી. sanjogpurti@gmail.com

# અન્યને પ્રભાવિત કરવાની કળામાં આપ કેટલાં માહેર છો ?



**વ્યક્તિ પોતાના વાણી - વર્તન વ્યવહાર દ્વારા જ અન્ય પર પોતાનો અમીટ પ્રભાવ પાડી શકે છે ને તેને કારણે જ તે સમાજમાં પ્રિય વ્યક્તિનું બિરૂદ મેળવી શકે છે. આવો જાણીએ કે અન્યને પ્રભાવિત કરવાની કળામાં તમે કેટલા માહેર છો ?....**

(૭) તમારે કોઈને મળવા જવાનું છે, તેમણે આપને સવારે દસ વાગ્યે બોલાવ્યા છે. તમે કયા સમયે પહોંચવા ઈચ્છશો ?

(એ) નિર્ધારિત સમય કરતાં ઓછામાં ઓછા અડધા કલાક મોડા, કેમ કે તેમને મળતા દસના સાડા દસ વાગવાના જ છે. વહેલા જઈને શું કામ સમય બગાડવો.

(બી) સાડા નવ વાગે, જેથી તેમને લાગે કે હું સમયનું મહત્વ સમજુ છું.

(સી) બરાબર દસ વાગ્યે જ, કેમ કે વહેલા જઈને શા માટે મારો અને તેમનો સમય બગાડવો.

(૮) તમે કોઈને મળવા ગયા છો. તે વ્યક્તિ તમારથી ઘણી મોટી ઉંમરની છે, ઘરમાં તે વ્યક્તિ એકલી હોઈ, તમને ખુરશી પર બેસાડીને તે પાણી લેવા જાય છે. તો તમે શું કરશો ?

(એ) તરસ હોવા છતાં કહેશો કે, મને તરસ નથી તેમ છતાં પણ પાણી પીવું હશે તો પછીથી હું જાતે લઈ લઈશ. આપ બેસો.

(બી) જયારે તેઓ પાણી લઈને આવશે, ત્યારે ઔપચારિકતાવશ કહેશો, હું જાતે જ લઈ લેત તમે શા માટે તકલીફ લીધી.

(સી) એમાં શું પરેશાની છે, હું મહેમાન છું એટલે તેઓ પાણી તો આપવાના જ ને !

(૯) આપને એક બહુમાળીયા બિલ્ડીંગના સાતમા માળે જવાનું છે, તમે અને લગભગ ૬૫ - ૬૮ વર્ષની એક વૃધ્ધ વ્યક્તિ લિફ્ટની રાહ જોતા ઊભા છો ત્યારે ખબર પડે છે કે લિફ્ટ બંધ છે, તો તમે શું કરશો ?

(એ) પેલી વૃધ્ધ વ્યક્તિ કેવી રીતે ઉપર ચઢશે, એનાથી તમને કોઈ મતલબ નથી. તમે ફટાફટ સીડી ચઢવાનું શરૂ કરી દેશો.

(બી) તમે ધીમે - ધીમે પેલી વૃધ્ધ વ્યક્તિની સાથે સીડી ચઢશો, પણ તમે તેમની સાથે ખાસ નિસબત નહીં રાખો.

(સી) તમે વિનમ્રતાથી પેલી વૃધ્ધ વ્યક્તિને પૂછશો કે, એમને કયા માળે જવું છે. પછી તેમનો હાથ ઝાલીને ધીમે ધીમે સીડીઓ ચઢશો. તેમને તેમના સ્થાને મૂકીને પછી જ તમે તમારા સ્થાને જશો.

(૧૦) તમારી દ્રષ્ટિએ સામેવાળી વ્યક્તિને પ્રભાવિત કરવાની સૌથી અસરકારક રીત કઈ છે ?

(એ) સામેવાળા પર સૌથી વધુ પ્રભાવ તો વ્યવહાર દ્વારા જ પાડી શકાય છે. સારા વ્યવહારથી દુશ્મનને પણ દોસ્ત બનાવી શકાય છે.

(બી) આધુનિક લાઈફ સ્ટાઈલ (જીવનની રહેણી - કરણી) જ પ્રભાવિત કરવાની સૌથી અસરકારક રીત છે.

(સી) કોઈને પણ પ્રભાવિત કરવા હોય તો સુખ - સાહ્યબી જ વધુ અસર પાડે છે. સામેવાળાને અહેસાસ થવો જઈએ કે તમે કોઈ આલતુ - ફાલતું વ્યક્તિ નથી.

**સ્કોર**

| પ્રશ્ન | (એ) | (બી) | (સી) | પ્રશ્ન | (એ) | (બી) | (સી) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૦ | ૫ | ૬ | ૨ | ૦ | ૫ |
| ૨ | ૨ | ૦ | ૫ | ૭ | ૦ | ૨ | ૫ |
| ૩ | ૨ | ૦ | ૫ | ૮ | ૫ | ૨ | ૦ |
| ૪ | ૨ | ૦ | ૫ | ૯ | ૦ | ૨ | ૫ |
| ૫ | ૫ | ૨ | ૦ | ૧૦ | ૫ | ૨ | ૦ |

પરિણામ

૩૧ થી ૫૦ : આપ અન્યને પ્રભાવિત કરવાની કળામાં માહેર છો. તમારા આત્મીય, હસમુખા અને મિલનસાર સ્વભાવને કારણે જ આ શકય બન્યુ છે. એના કારણે તમે હંમેશા ખુશ, પ્રસન્ન અને આનંદસભર જ રહેશો.

૧૬ થી ૩૦: આપશ્રી અન્યને પ્રભાવિત કરવાની વેતરણમાં રહો છો, છતાં તેમ કરી શકતા નથી, કેમ કે તમારા સ્વભાવ, વાણી, વર્તન અને વ્યવહારમાં થોડો બદલાવ લાવવો જરૂરી છે. બસ, પછી જુઓ તમે અન્યને પ્રભાવિત કરવાની કળામાં પારંગત બની જશો.

૦૦ થી ૧૫ : અન્યને પ્રભાવિત કરવા એ આપના ગજા બહારની બાબત છે. એ માટે તો તમારે વાણી, વર્તન, હાવભાવ, વ્યવહાર અને સમજ એમ દરેક બાબતમાં બદલાવ લાવીને વ્યક્તિને સમજવાની જરૂર છે. પ્રયાસ કરશો તો ચોક્કસ તમે આ કળામાં નિપુણ બની શકશો.

જીવન તરંગ
જયસ્વી પટેલ

તણખો

"શાણા માણસો બીજાઓના અનુભવોમાંથી ઘણુ બધુ શીખે છે, સામાન્ય માણસો પોતાના અનુભવમાંથી વધુ શીખે છે, અને મુરખ માણસો કોઈનાય અનુભવમાંથી કશુય શીખતા નથી."

sanjogpurti@gmail.com

# કાચબાની આકાશી સફર



'મારે પણ ઊંચા આકાશમાં ઊડવું છે. ઊંચેરા આકાશને આંબવું છે. ઊંચા આકાશમાં ટમટમતા તારલા સાથે રમવું છે અને વાદળની હોડીમાં આખાય આકાશમાં ફરવું છે.'- કાચબાએ મનોમન વિચાર્યું. ઊંચા ગગનમાં વિહરતાં પંખીઓને જોઈ કાચબાને પણ આકાશમાં જવાની ને રમવાની ઈચ્છા થઈ આવી. પણ કાચબો વિચારતો હતો કે મારે તો પાંખો પણ નહીં ને મારું શરીર પણ ભારે. હું શી રીતે આકાશમાં જઈ શકીશ! પણ એને તો આકાશમાં જવું જ હતું.

એણે ઘણું વિચાર્યું ઘણું વિચાર્યું. પણ કોઈ રસ્તો જડ્યો નહિ. એટલે એણે એના મિત્ર સસ્સાભાઈની સલાહ લેવાનું વિચાર્યું. ધીમેધીમે એ સસ્સાભાઈ પાસે પહોંચ્યો. બહુ દિવસે કાચબાને પોતાની પાસે આવતો જોઈ સસ્સાભાઈને નવાઈ લાગી.

'આવો આવો કાચબાભાઈ! કેમ ઘણે દિવસે આ તરફ! બેસો.' - સસ્સાભાઈ કાચબાભાઈને આવકારતાં બોલ્યા. ઘણે દિવસે બંને મળ્યા એટલે અલકમલકની વાતોએ વળ્યા. થોડો સમય વાતો કર્યા પછી કાચબાએ પોતાની ઈચ્છા સસ્સાભાઈને જણાવતાં કહ્યું, 'સસ્સાભાઈ સસ્સાભાઈ! મારે પણ ઊંચા આકાશમાં ઊડવું છે. ઊંચેરા આકાશને આંબવું છે. ઊંચા આકાશમાં ટમટમતા તારલા સાથે રમવું છે. અને વાદળની હોડીમાં આખાય આકાશમાં ફરવું છે. પણ હું આકાશમાં જાઉં તો શી રીતે જાઉં! હવે તમે જ કોઈ ઉપાય બતાવો.'

રે વાર્તા!
મનીષ સુથાર

સસ્સાભાઈ પણ વિચારમાં પડી ગયા. તે પણ પોતાના મિત્રની મદદ કરવા ઈચ્છતા હતા. તેમણે તરત મોબાઈલમાં સર્ચ કર્યું. થોડા સમયમાં જ તેમની આંખોમાં ચમક દેખાઈ. એકદમ હરખાતાં હરખાતાં બોલ્યા, "અરે કાચબાભાઈ! હવે તમે આકાશમાં પહોંચ્યા સમજો. આ જુઓ.' મોબાઈલની સ્ક્રીનમાં એક વીડિયો બતાવતાં કાચબાભાઈને કહ્યું. વીડિયો જોઈ કાચબાભાઈના આનંદનો પાર ન રહ્યો.

પછી તો કાચબાભાઈએ પૅરાશૂટમાં બેસી આકાશની સફરે જવાનું નક્કી કરી લીધું. તેમના માટે આ રોમાંચક અનુભવ હતો. મિત્ર સસ્સાભાઈએ બધી વ્યવસ્થા કરી દીધી. કાચબાભાઈએ પણ પૅરાશૂટમાં જવાની બધી તૈયારી કરી લીધી હતી. તેઓ પૅરાશૂટમાં ગોઠવાઈ ગયા. થોડા સમયમાં જ પૅરાશૂટ ઊંચે આકાશ તરફ ઊડયું ને શરૂ થઈ કાચબાભાઈની રોમાંચક સફર. કાચબાભાઈ તો ધીમેધીમે આકાશ તરફ જવા લાગ્યા. વાદળો વચ્ચેથી પૅરાશૂટ પસાર થયું. કાચબાભાઈ તો કૂદીને વાદળ પર બેસી ગયા. વાદળ પર બેસી આકાશમાં ફરી આવ્યા ને વળી પાછા પૅરાશૂટમાં ગોઠવાઈ ગયા.

વળી પૅરાશૂટ ધીમેધીમે તારા ભણી આગળ વધ્યુ. તારાઓની વચ્ચે પહોંચતાં જ કાચબાભાઈને તારાઓ વચ્ચે કૂદી પડ્યા. તારાની વચ્ચે રહેવાની ને રમવાની તેમને મજા પડી. તેઓ ખૂબ રમ્યા ખૂબ રમ્યા. વાદળ ને તારાઓ સાથે રમી કાચબાભાઈ રાજીરાજી થઈ ગયાં.

તેમની આકાશમાં ફરવાની ને વાદળ-તારા સાથે રમવાની ઈચ્છા પૂરી થઈ. તેઓ રાજીના રેડ થઈ ગયા. પેરાશૂટમાં સવાર થઈ વળી પાછા આવી ગયા. પાછા આવી તેમણે સસ્સાભાઈને વાદળ, આકાશ ને તારાની ખૂબ વાતો કરીને સસ્સાભાઈનો આભાર પણ માણ્યો.

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગયા વર્ષે પુણેમાં આયોજિત એક કાર્યક્રમમાં તેમના ભાષણની વીડિયો લિંક પણ શેર કરી

# બાલ ગંગાધર તિલક-ચંદ્રશેખર આઝાદની જન્મજયંતિ પર વડાપ્રધાન મોદીએ આપી ભાવુક શ્રદ્ધાંજલિ



(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે મહાન સ્વાતંત્ર્ય સેનાની બાલ ગંગાધર તિલક અને ચંદ્રશેખર આઝાદને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી હતી. મોદીએ 'એક્સ' પર એક પોસ્ટમાં કહ્યું, 'લોકમાન્ય તિલકને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ. ભારતની આઝાદીની લડાઈમાં તેમને એક મહાન વ્યક્તિ તરીકે હંમેશા યાદ કરવામાં આવશે.

તેઓ એક સ્વપ્નદ્રષ્ટા હતા જેમણે રાષ્ટ્રવાદની ભાવનાને પ્રજ્વલિત કરવા માટે અથાક મહેનત કરી હતી અને શિક્ષણ અને સેવા પર પણ ભાર મૂક્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે મહાન સ્વાતંત્ર્ય સેનાની લોકમાન્ય બાલ ગંગાધર તિલક અને ચંદ્રશેખર આઝાદને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી હતી. મોદીએ 'X' પર એક પોસ્ટમાં કહ્યું, 'લોકમાન્ય બાલ ગંગાધર તિલકને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ. ભારતની આઝાદીની લડાઈમાં તેમને એક મહાન વ્યક્તિ તરીકે હંમેશા યાદ કરવામાં આવશે.

# નેપાળની ઓલી સરકાર ભારત સાથેના સરહદી મુદ્દા સહિતનો ઉકેલ લાવશે



**વડાપ્રધાન કે.પી. શર્મા ઓલીએ ૨૭૫ સભ્યોની પ્રતિનિધિ સભામાં ૧૮૮ મત મેળવીને વિશ્વાસનો મત જીત્યો હતો**

(એ.આર.એલ),કાઠમાંડૂ,તા.૨૩

નેપાળના પીએમ ઓલીએ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવની બેઠકમાં સાંસદ દીપક બહાદુર સિંહના પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું હતું કે ઐતિહાસિક તથ્યો અને પુરાવાઓના આધારે સરહદનો મુદ્દો ઉકેલવામાં આવશે. એમપી સિંહે સવાલ કર્યો હતો કે નેપાળ 'ચુચ્છે નક્સા' (નકશા)માં સમાવિષ્ટ દારચુલાના લિપુલેક, કાલાપાની અને લિમ્પિયાધુરાની જમીનનો ઉપયોગ ક્યારે કરી શકશે. જવાબમાં ઓલીએ કહ્યું કે, 'સુગૌલી સંધિ, વિવિધ નકશાઓ, ઐતિહાસિક તથ્યો અને પુરાવાઓના આધારે નેપાળ સરકાર ભારત સરકાર સાથે વાતચીત અને કૂટનીતિ દ્વારા સરહદ સમસ્યાનો ઉકેલ લાવવા માટે પ્રતિબદ્ધ છે. ૧૮૧૬ની 'સુગૌલી સંધિ' અનુસાર, ઉપરોક્ત ત્રણેય વિસ્તારો અને કાલી નદીની પૂર્વની તમામ જમીન નેપાળની છે. તમને જણાવી દઈએ કે વિશ્વાસ મત જીતવા માટે તેમને ૧૩૮ વોટની જરૂર હતી, તેમણે ૧૮૮ મત મેળવીને વિશ્વાસનો મત જીત્યો જે જરૂરીયાત કરતા ૫૦ વધુ છે.

# સૌરાષ્ટ્રમાં અવિરત વરસાદથી PGVCLના ૧૨ સર્કલમાં ૧૦ હજાર ફીડર બંધ હાલતમાં

રાજકોટ,તા.૨૩

સૌરાષ્ટ્રમાં અતિ વરસાદથી પીજીવીસીએલને નુકસાન થયું છે. અત્યાર સુધી ૧૨ સર્કલમાં ૧૦૦૦૦ ફીડર બંધ થયા અને હજી ૨૧૮ ફીડર બંધ અન્ય ફીડર પૂર્વવત છે. વરસાદને પગલે ૧૩ ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. તો બીજી બાજુ હાઈટેન્શન ૩૫ કિમીની લાઈન પર રીપેરીંગ ચાલુ છે. ૧૭૯ ટ્રાન્સફોર્મરમાંથી ૪૪ પેન્ડિંગ છે અન્ય કાર્યરત છે. ૧૨ સર્કલમાં ટોટલ ૭૫૦ ટીમ મેદાન પર છે. તેઓ કુલ ૩૫૦૦ જેટલાં અસરગ્રસ્ત વીજપોલમાં કામગીરી કરી રહ્યા છે. સૌરાષ્ટ્ર સહિત સુરતમાં પણ વરસાદે તબાહી મચાવી છે. સુરતના સારોલી ગામમાં વરસાદી પાણી ઘુસ્યા. સારોલી પોલીસ મથક સંપર્ક વિહોણું થયું. જયારે સણીયા હેમાદમાં જળબંબાકારની સ્થિતિ જોવા મળી. સણીયા હેમાદ ગામમાં છાતી સમા પાણી ભરાયા. ગામમાં પાણી ભરાતા જનજીવન અસ્તવ્યસ્ત થયું. વરસાદી પાણીએ ભારે તારાજી સર્જતા ગામમાં જવાનો મુખ્ય માર્ગ બંધ થતા ગ્રામજનોને જીવનજરૂરીયાત વસ્તુઓ માટે મુશ્કેલી પડી રહી છે.

# બજેટમાં આંધ્રપ્રદેશને ખાસ પેકેજની ભેટ મળતા ટીડીપી સુપ્રિમો ખુશખુશાલ



**આંધ્રપ્રદેશ માટે લગભગ ૧૫ હજાર કરોડ રૂપિયાનું પેકેજ આપવામાં આવશે**

નવીદિલ્હી,તા.૨૩

લોકસભામાં બજેટ ૨૦૨૪ની રજૂઆત પહેલા તમામની નજર બિહાર અને આંધ્રપ્રદેશને મોદી સરકારની તિજોરીમાંથી શું મળશે તેના પર હતી. નાણામંત્રી નિર્મલા સીતારમણે આંધ્રપ્રદેશ અને બિહારના લોકોને નિરાશ કર્યા નથી. નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં બિહાર અને આંધ્રપ્રદેશને મોટી ભેટ આપી છે. આંધ્રપ્રદેશને ખાસ પેકેજની ભેટ મળી છે. નાણામંત્રીએ કહ્યું કે પુનર્ગઠન સમયે કરેલા તમામ વચનો પૂરા કરવામાં આવશે.

રાજ્યને વિશેષ પેકેજની ભેટ મળ્યા બાદ સીએમ ચંદ્રબાબુ નાયડુએ ખુશી વ્યક્ત કરી હતી. બજેટ બાદ તેમણે નાણામંત્રી નિર્મલા સીતારમણને શુભેચ્છા પાઠવી હતી. તેમણે સોશિયલ મીડિયા હેન્ડલ પર લખ્યું કે રાજ્યમાં પછાત વિસ્તારોના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા બદલ હું તેમનો આભાર માનું છું.

તેમણે વધુમાં કહ્યું કે કેન્દ્ર તરફથી આ સમર્થન આંધ્ર પ્રદેશના પુનઃનિર્માણમાં ઘણી મદદ કરશે. આ પ્રગતિશીલ અને આત્મવિશ્વાસ-પ્રેરણાજનક બજેટ રજૂ કરવા બદલ હું તમને અભિનંદન આપું છું.મોદી સરકારે બજેટમાં આંધ્રપ્રદેશને ઘણી ભેટ આપી. નાણામંત્રીએ કહ્યું કે પુનર્ગઠન સમયે કરેલા તમામ વચનો પૂરા કરવામાં આવશે. આંધ્રપ્રદેશ માટે લગભગ ૧૫ હજાર કરોડ રૂપિયાનું પેકેજ આપવામાં આવશે. નિર્મલા સીતારમણે આંધ્ર પ્રદેશ પુનર્ગઠન કાયદામાં રાજ્યની મૂડીની જરૂરિયાતને સ્વીકારી છે.

# સૌથી વધુ વરસાદ સૌરાષ્ટ્ર વિસ્તારમાં પડ્યો, રાજયમાં મોસમનો વરસાદ ૪૪ ટકાથી વધુ

ગાંધીનગર,તા.૨૩

રાજયમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં સૌથી વધુ ૧૧ ઈંચ વરસાદ નોંધાયો છે જયારે જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકામાં ૧૦ ઈંચ અને વિસાવદર તાલુકામાં ૯ ઈંચ વરસાદ નોંધાયાના અહેવાલો છે. સુરત જિલ્લાના પલસાણા અને બારડોલી તાલુકામાં ૭ -૭ ઈંચ, જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં ૭ ઈંચ, વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં ૭ ઈંચ વરસાદ નોંધાયો છે. રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૨૩ જુલાઈ, ૨૦૨૪ના રોજ સવારે ૬ કલાકની સ્થિતિએ રાજયમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૪૪ ટકાથી વધુ નોંધાયો છે. કચ્છ ઝોનમાં કુલ ૫૮ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૫૦ ટકા, ઉત્તર ગુજરાતમાં ૨૪ ટકા તેમજ પૂર્વ-મધ્ય ગુજરાતમાં પણ ૨૪ ટકા જેટલો મોસમનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો છે. જયારે દ્વારકા, વાપી, ચિખલી, કામરેજ મળી કુલ ચાર તાલુકામાં છ ઈંચ વરસાદ નોંધાયો છે.

# કોન્સ્ટેબલ ભરતી પરીક્ષા: પેપર લીક કરનાર ત્રણ આરોપીઓની પૂછપરછ કરતું ઈડી, અન્ય આરોપીઓને સમન્સ મોકલાયુ



લખનૌ,તા.૨૩

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ કોન્સ્ટેબલની ભરતી પરીક્ષાનું પેપર લીક કરનાર ગેંગના માસ્ટરમાઈન્ડ રાજીવ નયન મિશ્રા સહિત ત્રણ આરોપીઓની સઘન પૂછપરછ કરી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મેરઠ જેલમાં ગયા અઠવાડિયે ઈડી અધિકારીઓની ત્રણ સભ્યોની ટીમે રવિ અત્રી સાથે રાજીવ નયન મિશ્રાની પૂછપરછ કરી હતી. દરમિયાન, ઈડીએ બિહારના રહેવાસી ડૉ. શુભમ મંડલ અને તેમના સહિત અન્ય આરોપીઓને આવતા અઠવાડિયે સમન્સ મોકલ્યા છે. જણાવી દઈએ કે, ગયા મહિને ઈડીએ કોન્સ્ટેબલની ભરતી પરીક્ષાનું પેપર લીક કરનાર ગેંગના સભ્યો વિરુદ્ધ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ કેસ નોંધ્યો હતો. આ પછી કોર્ટની પરવાનગીથી આરોપીઓની પૂછપરછ કરવામાં આવી હતી.

# કેનેડામાં બદમાશોએ ફરી હિન્દુ મંદિરોને નિશાન બનાવી ભારત વિરોધી સુત્રો લખતા ભારે રોષ






(એ.આર.એલ),ટોરોન્ટો,તા.૨૩

કેનેડામાં ફરી એકવાર હિન્દુ મંદિરને નિશાન બનાવવામાં આવ્યું છે. એડમોન્ટનના એક મંદિર પર ભારત વિરોધી સૂત્રો લખવામાં આવ્યા છે. હિંદુ અમેરિકન ફાઉન્ડેશને અહેવાલ આપ્યો છે કે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર પર વહેલી સવારે ભારત વિરોધી સૂત્રો લખવામાં આવ્યા હતા. જેમાં ભારતીય મૂળના કેનેડાના સાંસદ ચંદ્ર આર્ય પર હુમલો થયો હતો. હિન્દુ અમેરિકન ફાઉન્ડેશને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર આની તસવીર શેર કરી છે. પોસ્ટમાં લખ્યું છે કે, 'કેનેડિયન હિંદુ ચેમ્બર ઓફ કોમર્સે પુષ્ટિ કરી છે કે એડમોન્ટન, કેનેડામાં બીએપીએસ મંદિર નવીનતમ લક્ષ્ય છે. કેનેડાના હાઉસ ઓફ કોમન્સના કેટલાક હિંદુ સાંસદોમાંના એક આર્યને ધમકી આપવામાં આવી છે. સાંસદ ચંદ્ર આર્યએ કહ્યું કે કેનેડામાં હિંદુ મંદિરોમાં તોડફોડની ઘટનાઓ સતત વધી રહી છે. તેણે આગળ લખ્યું, 'એડમોન્ટનમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં ફરીથી તોડફોડ કરવામાં આવી.

# રાજકોટ ગજાનન આશ્રમમાં ગુરૂપૂનમની ઉજવણી કરાઈ



તસવીર : નયન કુહાડીયા

ધોરાજી,તા.૨૩

રાજકોટમાં આવેલા ગજાનન આશ્રમ માલસર (નર્મદા) પરિવાર દ્વારા ગુરૂપૂર્ણિમા મહોત્સવ ઉજવવમાં આવ્યો હતો. નાગર બોર્ડિંગ ખાતે ઉજવાયેલા આ મહોત્સવમાં બહોળી સંખ્યામાં ભકતો ગુરૂસાહેબની ચરણપાદુકાનું પૂજન કરવા ઉમટી પડયા હતા. આ તકે હયાત ગુરૂ વિજયભાઈ જોશીની ગુરૂવંદના કરવા અમદાવાદ, જૂનાગઢ અને વડોદરા સહિતના નગરોમાંથી પણ ભકતો અને શિષ્યો ઉપસ્થિત રહ્યા હતા સાથે દીક્ષા મહોત્સવ પણ યોજાયો હતો.

# ગુરુપૂર્ણિમા નિમિત્તે કોડીનારમાં વ્યાસ ગૌરવ યાત્રા યોજાઈ


તસવીર : કુલદીપ પાઠક

કોડીનાર, તા.૨૩

ગુરૂપૂર્ણિમા મહોત્સવની સમગ્ર દેશભરમાં વિધિવત ઉજવણી કરવામાં આવી હતી ત્યારે કોડીનાર ખાતે રાજયભરમાં સર્વપ્રથમ ૧૮ પુરાણો સાથે મહર્ષિ વ્યાસ ગૌરવ યાત્રા યોજાઈ હતી. જે અન્વયે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી જેમાં સહભાગી થઈને હજારો ભક્તોએ જોડાઈને આરતી, પૂજન અને મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# ઈ-એફઆઈઆર પરથી નોંધાયેલી ફરિયાદ બાદ કોડીનાર પોલીસે મોબાઈલ ચોરને ઝડપ્યો

**ભરતભાઈ બાલુભાઈ વાઘેલા નામના શખ્સને ઝડપી કાર્યવાહી કરી**



કોડીનાર, તા.૨૩

કોડીનાર પી.આઈ. એન. આર.પટેલની સૂચના તથા માર્ગદર્શન હેઠળ પી.એસ. આઈ. કે.એમ.ચાવડા તથા પો.હેડ કોન્સ. એ.પી.જાની તથા પો.કોન્સ. ભગવાનભાઈ જીણાભાઈ તથા ભીખુશા બચુશા તથા હિમતભાઈ આતુભાઈએ સંયુકત રીતે ખાનગી હકિકત આધારે તથા અદ્યતન ટેકનોલોજી તથા ટેકનિકલ સોર્સથી કોડીનારમાં નોંધાયેલી મોબાઈલ ચોરીની ફરિયાદના આધારે આરોપી ભરતાભાઈ બાલુભાઈ વાઘેલા ઉં.વ.૨૨ ધંધો- મજૂરી રહે. આલીદર, દોરી વિસ્તાર તા.કોડીનાર વાળાને પકડી લઈ તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી હતી.


**મે.લાઠીના તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.લાઠી**

ફો.પ.અ.નં. ૧૦/૨૦૨૪

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી. કોટડીયા રહે, લાઠી**

અરજદાર...: **રાવલ અતુલભાઈ બાલાશંકર ઉ.વ.૫૫, ધંધો કર્મકાંડ, ધર્મે હિન્દુ / બ્રાહ્મણ રહે.સરકારી પીપળવા,તા. લાઠી.**

**વિરૂધ્ધ**

સામાવાળા...: **જન્મ મરણ નોંધણી અધિકારી ત.ક.મ.પીપળવા ગ્રામ પંચાયત કચેરી**

**// જાહેર નોટીસ //**

(જન્મનાં દાખલા માટે)

આથી તમામ લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર લાઠી તાલુકાના પીપળવા ગામના રહેવાસી છે. અને અરજદારે પોતાનો રાવલ અતુલભાઈ બાલાશંકર નો જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદાર પોતે રાવલ અતુલભાઈ બાલાશંકર નો જન્મ જે તે સમયે તેમના નિવાસ સ્થાન પીપળવા, તા.લાઠી, જી. અમરેલી મુકામે જન્મ તારીખ-૦૧/૦૬/૧૯૬૯ ના રોજ થયેલ જે તે સમયે તેમની જન્મ નોંધણી કરાવેલ ન હોય જેથી આ જન્મ નોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈને વાંધો/ તકરાર કે હરકત હોય તેમણે જાતે અથવા મુખ્ત્યાર મારફત અથવા વકીલ મારફત હાજર અત્રેની કોર્ટમાં મુદત તારીખ. ૨૯/૭/૨૦૨૪ના રોજ અત્રેની કોર્ટ લાઠી તાલુકા મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી ખાતે સવારના-૧૧:૩૦ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

**સ્થળ:- લાઠી.**

**તારીખ:- ૨૩/૭/૨૦૨૪** **શીરીસ્તેદાર ઓફ લાઠી તાલુકા મેજીસ્ટ્રટ કચેરી**


# ગીરગઢડા પંથકમાં ભારે વરસાદને કારણે નદીઓમાં ઘોડાપૂર આવ્યા



ગીરગઢડા, તા.૨૩

ગીરગઢડાના ધોકડવા ગામે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરતા ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. વરસાદી માહોલ વચ્ચે ગીરગઢડા સહિત ગીર પંથક અને આજુબાજુના અનેક ગામોમાં વરસાદ વરસ્યો હતો.નગડીયા ગામ ભારે વરસાદને લઈ સંપર્ક વિહોણું થયું હતું. જોકે ગીરગઢડા, ધોકડવા, નગડીયા, સોનારીયા, કોઠારીયા, જસાધાર, તુલશીશ્યામ સહિતના ગામોમાં વહેલી સવારથી વરસાદ શરૂ થયો હતો. ઉના ગીરગઢડાની જીવાદોરી સમાન મચ્છુંન્દ્રી ડેમ તેમજ રાવલ ડેમ વિસ્તારમાં ભારે વરસાદથી નદીઓમાં પૂર આવ્યુ હતું.

# વેરાવળ કલેકટર જાડેજાએ ઘૂંટણસમા પાણીમાં ઉતરીને સ્થિતિનું જાત નિરીક્ષણ કર્યું


તસવીર : કૈલાસ ભટ્ટ

ગીર સોમનાથ, તા.૨૩

છેલ્લાં અઠવાડિયાથી વેરાવળ શહેરમાં પડી રહેલાં અનરાધાર વરસાદના કારણે વેરાવળના ઘણા બધા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ઉપરવાસમાં ભારે વરસાદના કારણે વેરાવળ નગરમાં એકસાથે વધુ પડતું પાણી આવતા ઘણા વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાયા હતા. ખાસ કરીને, શાહિગરા કોલોની, વોર્ડ નંબર-૫ અને વોર્ડ નંબર-૬ તેમજ નિઝામ બેકરી સહિતના વિસ્તારોમાં દેવકા નદીનું પાણી મોટા પ્રમાણમાં ફરી વળતાં સમગ્ર વિસ્તારમાં પાણી ભરાયા હતા. વરસાદે થોડો વિરામ લેતાં કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ વેરાવળના શાહિગરા કોલોની, વોર્ડ નંબર-૫ અને વોર્ડ નંબર-૬ની વિવિધ સોસાયટીઓ સહિત રેલવે ફાટકના આસપાસના વિસ્તારોમાં ઘૂંટણસમા ભરાયેલા પાણીમાં ઉતરીને પાણી ભરાવાની સમસ્યાના કારણો સ્થાનિક રહેવાસીઓ પાસેથી જાણ્યા હતા. ભરાયેલા પાણીનો સત્વરે નિકાલ આવે તે માટે કલેક્ટરે નગરપાલિકાના ચીફ ઓફિસર ચેતન ડુડિયા અને ઉપસ્થિત અધિકારીઓને વરસાદી પાણીના કુદરતી વહેણને નડતરરૂપ દબાણનો તાત્કાલિક સર્વે કરીને સચોટ કાર્યવાહી હાથ ધરવા માટે કડક સૂચનાઓ આપી હતી.

### પ્રાંત અધિકારી જાડેજા અને મામલતદાર વ્યાસની ટીમ દ્વારા

# ચલાલામાંથી ગેરકાયદેસર અનાજનો જથ્થો પકડાતા ચકચાર

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં સરકારી અનાજ બારોબાર સગેવગે થતું હોવાની અનેકવાર ફરિયાદો ઉઠવા પામી છે. જેમાં ધારી પ્રાંત અધિકારી અને મામલતદારની ટીમે ગેરકાયદેસર અનાજનો જથ્થો ઝડપી પાડતા ચકચાર મચી જવા પામી છે. જો કે આ જથ્થો પકડાયા બાદ મામલતદાર દ્વારા ફોન રિસીવ કરવામાં ન આવતા અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યાં છે. ધારીના પ્રાંત અધિકારી જાડેજા અને મામલતદાર વ્યાસને ચલાલામાં આવેલા એસ્સાર પેટ્રોલપંપના પાછળના ભાગે સરકારી અનાજનો મોટો જથ્થો પડયો હોવાની બાતમી મળી હતી જેથી પ્રાંત અધિકારી અને મામલતદારની ટીમ દ્વારા આ જગ્યા પર રેઈડ પાડવામાં આવી



હતી. જેમાં સરકારી અનાજનો જથ્થો મળી આવ્યો હતો. આ દુકાનની માલિકી વિસાવદરના હાજીભાઈ યુનુસભાઈ ચૌહાણની હોવાનું ખુલ્યુ હતું અને આ જથ્થો ફેરીયા દ્વારા ધારી તાલુકાના વિવિધ વિસ્તારોમાંથી એકત્ર કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યુ છે. હાલ તો તંત્ર દ્વારા આ દુકાનને સીલ મારવામાં આવી છે.

**વિસાવદરના ઈસમે ચલાલામાં ગોડાઉન ભાડે રાખવા પર સવાલ!**

મામલતદાર દ્વારા અનાજના ગોડાઉનને સીલ માર્યા બાદ આ ગોડાઉન હાજીભાઈ ચૌહાણનું હોવાનુ ખુલ્યુ છે. પરંતુ વિસાવદરના શખ્સે ધારીના બદલે ચલાલા ગોડાઉન કેમ ભાડે રાખ્યુ તે પણ સવાલ ઉભો થયો છે. જો યોગ્ય તપાસ થાય તો અનાજના જથ્થામાં મોટા માથાના નામ ખુલે તેવી સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે.

**કેટલો જથ્થો ઝડપાયો?**

| અનાજ કટ્ટા | | વજન | બજાર કિંમત | કુલ કિંમત |
|---|---|---|---|---|
| ચોખા | ૧૬૩ | ૮૨૬.૨૦૦ | ૩૯ | ૩૨૨૧૮૬.૮૦ |
| ઘઉં | ૭ | ૩૦૭.૭૦૦ | ૨૭ | ૮૩૦૭.૯૦ |
| બાજરી | ૬ | ૧૫૮.૧૦૦ | ૨૭ | ૪૨૬૮.૭૦ |
| બેગ | | ૨૬ નંગ | ૧૦ | ૨૬૦૦ |
| કુલ | | | | રૂા. ૩૩૭૩૬૩.૪૦ |

### છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના ૧૫૧ તાલુકામાં વરસાદ પડયો

# સૌરાષ્ટ્રના ૪૮ ગામ સંપર્કવિહોણા બન્યા જામજોધપુરના સોગઠી ડેમમાં ગાબડું

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૩

છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના ૧૫૧ તાલુકામાં વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગની આગાહી છે. આ વચ્ચે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર, ગુજરાતના આ બે ઝોનમાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. સૌરાષ્ટ્રમાં ખાસ કરીને દ્વારકા, જામનગર, રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં સૌથી વધુ વરસાદ ખાબક્યો. સૌરાષ્ટ્રમાં વરસાદે સપાટો બોલાવતા કેટલાય ગામો બેટમાં ફેરવાયા અને પાણીએ તારાજી સર્જી દીધી. ઉનાનો મછુંદ્રી ડેમ પણ આખરે ઓવર ફલો થયો



છે. શિંગોડા હિરણ-૧ હિરણ બે(કમલેશ્વર) બાદ ગીરનો વધુ એક ડેમ ઓવર ફલો થયો. ગીરમાં પડી રહેલ વ્યાપક વરસાદ બાદ ગીર સોમનાથ અને જૂનાગઢના લગભગ ડેમો ઓવર ફલોની સ્થિતિમાં આવી ગયા છે. જામજોધપુર તાલુકાના સોગઠી ડેમમાં ગાબડું પડતા જિલ્લા વહીવટી તંત્ર સતર્ક બન્યું. લાલપુર પ્રાંત અધિકારી, સિંચાઈ વિભાગના ઈજનેર તથા મામલતદાર -જામજોધપુરે ડેમ સાઈટ ખાતે પહોંચી સમગ્ર સ્થિતિનો તાગ મેળવ્યો. સ્થળાંતરની સ્થિતિ ઉભી થાય તો ત્વરિત કાર્યવાહી સારું હેઠવાસના દરેક ગામોમાં જરૂરી સ્ટાફની નિમણૂંક કરાઈ. ભારે વરસાદને કારણે જામજોધપુર તાલુકાના જસાપર પાસે આવેલ સોગઠી ડેમમાં ગાબડું પડવાથી જિલ્લા વહીવટી તંત્ર તથા પોલીસ તંત્ર સતર્ક બન્યું છે. જો પાણીનું વહેણ વધે અને જાનમાલનું નુકસાન અટકાવવા લોકોનું સ્થળાંતર કરવાની સ્થિતિ ઉભી થાય તો હેઠવાસમાં આવતા દરેક ગામોમાં નાયબ મામલતદાર, તલાટી સહિતના સ્ટાફની જરૂરી કાર્યવાહી કરવા પ્રાંત અધિકારી લાલપુર દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે.

### અતિભારે વરસાદની આગાહીને લઈ અમુક શાળાઓમાં રજા જાહેર, સુરતમાં ૮, માણાવદરમાં ૧૫ ઈંચ વરસાદ

# દક્ષિણ ગુજરાત-સૌરાષ્ટ્રમાં બારે મેઘ ખાંગા

સુરત,તા.૨૩

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સોમવારે પણ અતિભારે વરસાદનું જોર યથાવત રહ્યું હતું. સૌરાષ્ટ્રમાં સંખ્યાબંધ ગામો પૂરના પાણીના કારણે કપાઈ ગયા છે. ભારે વરસાદ બાદ દેવભૂમિ દ્વારકામાં એનડીઆરઆફની ટીમ ફસાઈ હતી એ પછી બચાવ કામગીરી માટે એરફોર્સની મદદ લેવામાં આવી હતી. સુરતમાં ૮.૭૪ ઈંચ વરસાદ બાદ શહેરભરમાં જળબંબાકાર સર્જાયો હતો. તો દ્વારકાના કલ્યાણપુરમાં ૪ કલાકમાં ૧૧ ઈંચ તો માણાવદરમાં ૧૦ ઈંચ વરસાદ તૂટી પડ્યો હતો. દ્વારકા જિલ્લાના ૧૫માંથી ૮ ડેમ છલકાઈ ગયા છે



તથા અન્ય ૭૦ ટકા ભરાઈ ગયા છે. સુરત શહેરમાં ૨૪ કલાકમાં ૮.૭૪ ઈંચ વરસાદ ખાબક્યો છે. રવિવારે મોડી સાંજથી શરૂ થયેલો વરસાદ સોમવારે દિવસભર યથાવત રહ્યો હતો. શહેરમાં ઠેરઠેર રસ્તા પર પાણી ભરાતા જનજીવનને અસર પહોંચી હતી. ૪૦ કિ.મી.ની ઝડપે પવન સાથે વરસાદથી ૮૦થી વધુ વૃક્ષો જમીનદોસ્ત થઈ ગયા હતા. અતિભારે વરસાદની આગાહીથી કેટલીક સ્કૂલોમાં રજા જાહેર કરાઈ હતી.

જિલ્લામાં વિતેલા ૨૪ કલાકમાં બારડોલી, પલસાણા, મહુવા, કામરેજ સહિતના તાલુકામાં ૨ ઈંચથી લઈ ૮ ઈંચ સુધીના ભારે વરસાદથી શહેરમાંથી પસાર થતી તમામ પાંચેય ખાડીના સ્તર વધતા પાલિકાનું તંત્ર એલર્ટ થઈ ગયું હતું.











# પૂરગ્રસ્તવિસ્તારોનુંહવાઈનિરીક્ષણકરતામુખ્યમંત્રીપટેલ

ગાંધીનગર,તા.૨૩

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદ વરસ્યો છે. જેના પગલે અનેક વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. સીએમ ભૂપેન્દ્ર પટેલે સૌરાષ્ટ્રના પૂરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કર્યું હતું.



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિની જાત માહિતી મેળવવા મુખ્ય સચિવ રાજકુમાર સાથે આ અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું. મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી તેમજ પોલીસ મહાનિદેશક વિકાસ સહાય પણ સાથે જોડાયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૬૮ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. જેમાં સૌથી વધારે વરસાદ દ્વારકાના કલ્યાણપુરમાં ૧૧ ઈંચ પડ્યો છે. માણાવદરમાં ૧૦ ઈંચ વરસાદ વરસ્યો છે. જ્યારે વિસાવદરમાં ૯ ઈંચ વરસાદ પડ્યો હતો. તેમજ પલસાણા અને કેશોદમાં ૮.૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો. તેમજ દ્વારકામાં પોણા ૮ ઈંચ અને કપરાડામાં ૮ ઈંચ વરસાદ વરસ્યો હતો.






# ટ્રાફિકનિયમોનાઉલ્લંઘનમાંઆરટીઓ-ટ્રાફિકપોલીસનેઝાટકતીહાઈકોર્ટ

અમદાવાદ,તા.૨૩

અકસ્માત વળતરના એક કેસમાં ગુજરાત હાઈકોર્ટના જજ સંદીપ ભટ્ટે RTO અને ટ્રાફિક પોલીસની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી હતી. કોર્ટે પૂછ્યું હતું કે, ટ્રાફિક અને નિયમોના ઉલ્લંઘનના જે પ્રશ્નો લોકોને દેખાય છે તે અધિકારીઓને કેમ દેખાતા નથી? બસ અને ડમ્પરની નીચે કેટલાય માણસો ચગદાઈને મરે છે. આ ડમ્પરો અને ટ્રાવેલ્સ બસ દિવસે કેવી રીતે ફરે છે? આ સ્પેશિયલ પરમિશન વળી શું હોય? આવું કશું હોય જ નહીં. ટ્રાફિક હેન્ડલ થઈ ના શકતો હોય તો સ્પેશિયલ પરમિશન કેમ આપવામાં આવે છે? ટ્રાફિક પોલીસને ચાર રસ્તે ટ્રાફિકજામ અટકાવવામાં રસ નથી પૈસા વસૂલવામાં રસ છે. સરકારી વકીલે જણાવ્યું હતુ કે, પોલીસ સતત પબ્લિક અવેરનેસ પ્રોગ્રામ કરતી રહે છે.

કોર્ટે કહ્યું હતુ કે, ૫૦૦ રિક્ષામાંથી ૦૫ રિક્ષા પકડવાથી કાર્યવાહી કરી કહેવાય નહીં. માણસોની ઘટ હોય તો ભરતી કરો અને ટેક્નોલોજીનો ઉપયોગ કરો.












